Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૯ • તા. ૫ થી ૧૧ મે ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14



## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુરના ઉપક્રમે પ્રતિષ્ઠા મહોત્સવની ઝલક


ભક્તિ ભાવના ૫-૪-૧૨ પ્રસંગે ભાવિકો


ભક્તિ ભાવના પ્રસંગે ઉપસ્થિત ટ્રસ્ટીઓ


મોમેન્ટોનું વિમોચન કરતા ટ્રસ્ટીઓ


ભાવનામાં નાચતા ભાવિકો


અભિષેક પ્રસંગે લાભાર્થી પરિવારો


શ્રી ગણેશજીની સ્થાપના કરતાં રાપરવાસીઓ


શ્રી સચ્ચાઈ માની સ્થાપના કરતાં ખુશાલ મેશેરી પરિવારજનો


શ્રી વિરેજીની સ્થાપના કરતા શ્રી જયંત સોની પરિવાર


શ્રી પાતોજીની સ્થાપના કરતા શ્રી એલ.ડી. મોતા પરિવાર


શ્રી ઘોડાજીની સ્થાપના કરતાં શ્રી જયંત સોની પરિવાર


શ્રી ઘોડાજીની સ્થાપના કરતાં શ્રી એલ.ડી.મોતા પરિવાર


શ્રી બુધ ગ્રહની પ્રતિષ્ઠા કરતું પુનમ મંડળ


મુખ્ય ધ્વજાનાં લાભાર્થી મા. બાયાબાઈ ભવાનજી ઝવેરી પરિવાર


વિરેજી દેરીની ધ્વજા સાથે રાજબાઈ લ. મોતા પરિવાર


નવગ્રહ દેરીની ધ્વજા સાથે એલ.ડી.મોતા પરિવાર

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુરના ઉપક્રમે પ્રતિષ્ઠા મહોત્સવની ઝલક


મુખ્ય ધ્વજા પ્રસંગે ભાવિક સમુહ


મુખ્ય ધ્વજા સાથે શામજીભાઈ ઝવેરી


કળશ સ્થાપના કરતા શ્રી છત્રપતિભાઈ દંડ


દિપક પુજા કરતા સૌ. ચેતના હરીયા પરિવાર


માણેકસ્તંભરોપણ કરતા શ્રી દિનેશ ભુવા પરિવાર


નવગ્રહ પુજનમાં શ્રી ચીમનલાલ શામજી મોમાયા પરિવાર


ભગવતી મહાપુજનમાં શ્રી દિપક હરીયા પરિવાર


ભક્તિ ભાવના પ્રસંગે શ્રી છત્રપતિભાઈ દંડ


ભાવનામાં રાસમગ્ન બહેનો


નુતન ભાવિકભુવન માટે ખાતમુર્હત વિધિ


રથયાત્રા લાલપુર બજારમાંથી...


રથયાત્રા લાલપુર બજારમાંથી...


દાદાને પોંખતા શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર


શ્રી વીરભદ્રનું બહુમાન કરતા શ્રી જયંત સોની


શ્રી વીરેન્દ્ર લોડાયાનું બહુમાન કરતાં ટ્રસ્ટીઓ


મેહુલ મોતાનું બહુમાન કરતાં ટ્રસ્ટીઓ


શ્રી દિનેશભાઈ ભુવાનું બહુમાન કરતા ટ્રસ્ટીઓ


શ્રી ચીમનભાઈ મોતાનું બહુમાન કરતાં શ્રી જયંતભાઈ સોની

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

## તંત્રી સમીપે : શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કાનૂની અનુપાલનની ઉપેક્ષા ન કરે

"અનંતછાયા"ના પ્રસ્તાવિત વેચાણ અંગેની અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓની ચેરીટી કમીશ્નર પાસેથી મંજૂરી મેળવવા કરેલ અરજીની હજુ પ્રાથમિક સુનાવણી પણ નથી થઈ તેમ છતાં ટ્રસ્ટીઓએ પંદરેક દિવસ પહેલાં પ્રસ્તાવિત ડેવલપર સાથે ભાડુતોની મિલનસભા યોજીને ભાડુતોના સંમતિપત્રો (ડેવલપરની તરફેણમાં-ટ્રસ્ટની તરફેણમાં નહીં) મેળવી લીધા છે અને એ ડેવલપર દ્વારા દરેક ભાડુતને કોર્પસ ફંડ કે અન્યત્ર બિનકાયમી વૈકલ્પિક રહેણાંક જગ્યાના ભાડા પેટેની આંશિક રકમોના ચેકો અપાવ્યા છે તે પગલું ન કેવળ તદન ગેરકાયદેસરનું છે પરંતુ તેમાં એક લબ્ધપ્રતિષ્ઠિત ટ્રસ્ટની શાખનું અવમુલ્યન થાય તે પ્રકારની નિષ્કાળજી ધરાવતા વહીવટકર્તા તરિકે ટ્રસ્ટીઓ વર્તાઈ આવ્યા છે તેમ કહેવામાં કોઈ અતિશયોક્તિ થતી નથી.

આ એક અતિશય ગંભીર બાબત છે; બંને રીતે : જ્ઞાતિહિતની દષ્ટિએ અને ખુદ ટ્રસ્ટીઓની વ્યક્તિગત કારકિર્દીની દષ્ટિએ પણ.

આ પગલા દ્વારા "અનંતછાયાના ભાડુતોમાં અને સમગ્ર જ્ઞાતિમાં, જાણે હવે "અનંતછાયાનું " વેચાણ સાંગોપાંગ પાર પડી ચુક્યું છે અને હવે તેમાં કોઈ મીનમેખ તબદિલી થઈ શકશે નહીં તે પ્રકારની છાપ ઊભી કરવામાં પોતે સફળ થયા છે તેવું ટ્રસ્ટીઓ માની રહ્યા છે અને મનાવી રહ્યા છે. તે એક પરિપક્વતાના અભાવયુક્ત અભિગમથી વિશેષ કશું નથી તેટલુંજ કહીએ તો તેમાં ઘણું બધું આવી જાય તેમ છે.

પરંતુ, ઝાંઝવાના જળ મળ્યાના કે મૃગજળ દેખાવા જેવી તદન બીનવાસ્તવિક અને ભયંકર ક્ષતિયુક્ત છાપ જ્ઞાતિજનોના અને ખાસ કરીને "અનંતછાયા"ના ભાડુતોના માનસપરથી જેટલી સત્વરે ભૂંસાય તેટલું સમગ્ર જ્ઞાતિ માટે સારૂં ગણાશે તે હકીકતનો કોઈપણ લાગમીવેડા કે લાગણીશીલતામાં તણાયા વિના જ્ઞાતિએ આ તબક્કે સ્વીકાર કરવો જ પડશે. કારણ કે આ પ્રસ્તાવિત વેચાણ ચેરીટી કમીશ્નર દ્વારા મંજુર ન થાય ત્યાં સુધી તે કાનૂની દષ્ટિએ કોઈ પણ રીતે અધિકૃત કે સ્વીકૃત બનતું નથી અને તેથી પ્રસ્તાવિત ડેવલપર, જેની તરફેણ કરતી ટ્રસ્ટની અરજી નામંજુર પણ થઈ શકે છે, તેવી સંભવિતતાને કોઈ અબુધ અને બીનસમજદાર ટ્રસ્ટી જ ઉવેખી શકે.

બીજી રીતે જોઈએ તો, ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નર સમક્ષ જે અરજી દાખલ કરી છે તે મંજુર થવાના અતિ ઉજળા કે ઉજળા સંજોગો છે તેવી કોઈ ખાતરી જ્ઞાતિ રાખી શકે તેમ નથી તેના મુખ્ય કારણમાં, ચેરીટી કમીશ્નર દ્વારા આ પ્રસ્તાવિત કરાર ટ્રસ્ટના અને લાભાર્થીઓના (મુંબઈના સમસ્ત જ્ઞાતિજનોના, ફક્ત ભાડુતોનાં નહીં) હિતમાં, લાભમાં (નફા કે ફાયદામાં નહીં) અને સુરક્ષિતતામાં છે કે નહીં અને ટ્રસ્ટ આર્થિક કટોકટીની પરિસ્થિતિમાં હોતાં તે વેચાણ કર્યા વગર અન્ય કોઈ પર્યાય જ નથી તેના ગુણદોષની-એમ સમગ્રતયા વિચારણા કરવાની વિધિ-સુનાવણી હજી બાકી છે તે પહેલાં "ભેંશ ભાગોળે, છાશ છાગોળે ને ઘેર ધમાધમ" જેવી નાટકીયતા ઉભારવાની વૃતિ અનંતનાથજી ટ્રસ્ટ જેવા જાજરમાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓને તો શોભી શકે જ નહીં.

એટલે ટ્રસ્ટીઓ, જાણે "અનંતછાયા"નું વેચાણ કાયદેસર રીતે પરિપૂર્ણ થઈ ગયું છે તેવી જડબેસલાક છાપ ઊભી કરવા ભરસક પ્રયત્નો કરી રહ્યા છે અને પ્રસ્તાવિત ડેવલપર પણ યેનકેન પ્રકારેણ "અનંતછાયા" ખરીદી લઈ તેના પર પગદંડો જમાવવા

અધીરપણે તલપાપડ થયા હોય તેમ અને આ બંને પક્ષો અને તેમના સહયોગથી હવે ભાડુતો પણ (અલબત નિર્દોષપણે) એક ગંભીર ગેરકાયદેસરતા આચરી રહ્યા છે તે જોતાં, આ અગાઉ આ સ્થળે કહેવાયું હતું તેમ ટ્રસ્ટીઓ ટ્રસ્ટની સ્થાવર મિલકતોના વહીવટ વિષયે બિનજરૂરી ઉતાવળ કરી રહ્યા છે એને દોહરાવીને એમાં એમ પણ ઉમેરવું પડશે કે આ મિલકતો વિષયે ટ્રસ્ટીઓ હવે જાણીબુઝીને કાયદાકીય દષ્ટિએ દુલર્ક્ષતા પણ અપનાવી રહ્યા છે.

ટ્રસ્ટીઓની વ્યક્તિગત કારકિર્દીના દષ્ટિકોણથી જોઈએ તો, તેમણે અખત્યાર કરેલ આ પ્રકારની કાર્યપધ્ધતિ જે કાનૂની જોગવાઈઓના સરેઆમ ભંગ સમાન છે. તેથી અને અનંતછાયાના સુચિત વેંચાણ બાબતે એકંદરે સમસ્ત જ્ઞાતિમાં વિરોધ ભુભુકી ઉઠ્યો છે. તેથી તેમની પ્રતિમા મોટા પ્રમાણમાં ખરડાઈ રહી છે તેની પ્રતીતિ તેમને ન થતી હોય તે માની શકાય તેમ નથી.. ટ્રસ્ટના વહીવટમાં કોઈ ગેરકાનૂની પગલું લેવાય તો તેની પ્રતિકૂળ અને નૂકસાનકર્તા અસર છેવટે સમસ્ત જ્ઞાતિને લાંબા સમય સુધી ભોગવવી પડી હોય તેવા અનેક દાખલા આપણી પાસે મોજુદ છે એમાંથી બોધપાઠ લેવાને બદલે આ રીતે કાનૂની જોગવાઈઓ અને વિધિ-પ્રક્રિયાની અવમાનજનક હાંસી ઉડાવતી કાર્યશૈલિ ટ્રસ્ટીઓ માટે બિલ્કુલ શોભાસ્પદ નથી.

"અનંતછાયા"ના ભાડુતોએ પણ, સંમતિપત્રો આપીને અને ચેક સ્વીકારીને જાણે તેમના ભાડુતી હકોનું ઓનરશીપમાં રૂપાંતર કરવાના અને અનંતછાયાના પુનર્વિકાસના મામલે બધું ભયોભયો થઈ ગયું છે તેવા કે ઉક્ત ડેવલપર સાથે કાનુની અનુસંધાન મેળવી લીધાનો તેમણે સંતોષભર્યો ઓડકાર લીધો હશે તો મોટી ભુલથાપ ગણાશે.. કારણકે તેમણે કરેલ ઉક્ત કાર્યવાહીને કાયદાકીય રીતે કોઈ સ્વીકૃતિ મળી શકે તેમ નથી..

આશા રાખીએ કે, ટ્રસ્ટીઓ "અનંતછાયા" બાબતે ચેરીટી કમીશનર સમક્ષની તેમની ઉક્ત અરજી ન્યાયાધીન છે ત્યાં સુધી આવા સત્ય હકીકતથી વિપરીત રજુઆત કરવાની કે કોઈપણ જ્ઞાતિજન ગેરમાર્ગે દોરવાય તેવી કાર્યપધ્ધતિ ટાળવાની પરિપક્વતા દાખવે.. આમ થશે તો ટ્રસ્ટીઓ અને જ્ઞાતિ-બંનેના હિત સુચારૂપણે સચવાશે અને "અનંતનાથજી ટ્રસ્ટ"ની ગૌરવાન્વિત પ્રતિમા વિશેષપણે દૈદીપ્યમાન બની રહેશે. – **રા.**

## સાભાર-સ્વીકાર "ગંગા-પ્રભા ગીતગુંજન"

શ્રુતજ્ઞાનની પ્રભાવનારૂપે દેવ-ગુરૂની અસીમ કૃપાએ વડીલોના આશિર્વાદે પૂ. ગુરૂવર્યા સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાએ માતુશ્રી ગંગાબાઈ નરશીભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)ના પુત્રવધુ સૌ.પ્રતિભાબેન ભરતકુમાર દંડ પોતાના પ્રથમ વરસીતપની અનુમોદનીય ઉજવણી સ્મૃતિમાં પ્રભુસ્તવનો, ભક્તિભાવના ગીતો, ગુરૂભક્તિ ગીતો, ગહુંલીઓ, શાસનની પ્રસંગોચિત રચનાઓ, પ્રભાતિયા આદિ જુના-નવા ગીતોનું સંગ્રહ એક ઉપયોગી પુસ્તિકારૂપે સંકલન કરી બહાર પાડ્યું છે.

આ પુસ્તકનું વિમોચન દંડ પરિવાર આયોજિત પોતાના વરસીતપનાં પારણા મહોત્સવે ચારિત્ર્ય વંદનાવલિ અનુષ્ઠાનમાં પોથી ઉપકરણની વંદનામાં સંઘની વિશાળ ઉપસ્થિતિમાં થયું. લેખિકાના વડીલો સાસુજી અને માતાજી એમ બે-બે મા "ગંગા-પ્રભા"ની સ્મૃતિમાં પ્રકાશિત આ ગીતગુંજન સંગ્રહમાં ગચ્છ ગૌરવ-પ્રવચન પ્રભાવક મુનિ દેવરત્નસાગરજી આ.ઠા. અને પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી આ.ઠા.ની પ્રેરણા, માર્ગદર્શન અને આશિર્વાદ મળ્યા છે.

દરેક પ્રસંગે ધાર્મિક ગીત-સ્તવનોનાં શ્રેષ્ઠ સંકલનમાં પ્રતિભાબેનની અનુભવ સંવેદના, પૂ.મુ. દેવરત્નસાગરજીની પ્રેરક પ્રસ્તાવના, પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી અને પૂ.સા.શ્રી જયદર્શિશ્રીજીના આશિર્વચન, યતિશ્રી મોતીસાગરજીની મંગલ મનોભાવના, પૂ.માતાજી પ્રભાવતીબેનના આશિર્વાદ ઉદ્ગાર, પૂ.મા. ગંગાબાઈ દંડ પરિવારવતી સૌ. ભારતીબેન તિલોકચંદ દંડનું સ્નેહી પ્રાક્કથન અને દંડ પરિવારની લાડલી ભુમિની ભાવના વ્યક્ત કરાઈ છે.

તપના તોરણરૂપ આ ગીતસંગ્રહ સમાજને દરેક ધાર્મિક પ્રસંગે પ્રભુ સ્તવના સ્તુતિઓ ગુરૂભક્તિગીતો, પ્રસંગોચિત દીક્ષા-તપસ્યા ગીતો-ગહુંલીઓ-પ્રભાતિયા-પોંખણા આદિ ઉપયોગી બની રહેશે.. વરસીતપનાં તેજસને તેમણે ગીતગુંજનમાં ઝંકૃત કર્યો છે.

સંકલનકારનાં આ સ્મરણીય ઉપક્રમની અનુમોદના, મલકાપુરવાસી દંડ પરિવારે આ પુસ્તકનું સુંદર છપાઈ કામ કરાવી આરાધકોને વરસીતપના પારણા પ્રસંગે ભેટ આપેલ.

આ પુસ્તકનું આકર્ષક સુંદર મુદ્રણકામ શ્રી દિનેશભાઈ કામાણી (ઇંદોર)નું છે. આ પ્રભાવી કાર્યમાં ગુરૂ ભગવંતો, મલકાપૂર સંઘ, પરિવારજનો, સ્નેહીઓ હિતેચ્છુઓ પ્રેરક-માર્ગદર્શક અને મદદરૂપ રહ્યા..

વરસીતપનાં પારણાને યાદગાર બનાવવાની ભાવના સાથે સમાજને કંઈક ઉપયોગી સામગ્રી મળે તેવા ઉદેશ્ય સાથે આ સંકલન ગીત સંગ્રહ ઉપયોગી અને ઉદાહરણરૂપ બની રહેશે. ચિ. ગૌરવની અંકુરિત વિચાર સ્ફુરણા સૌના સથવારે શાસનની સુગંધ પ્રસરાવતું પ્રભાવી પુષ્પ બની ગયું. પવિત્ર ગંગા આચમની કરાવતા આ ઉપક્રમ બદલ સંકલનકર્તા તપસ્વી પ્રતિભાબેનને અભિનંદન-અનુમોદના અને દંડ પરિવારની ઉદાર સમર્પણ ભાવનાને વંદન.

## થોડી સમજદારી કાફી છે એ સુવર્ણકાળ પાછો લાવવા માટે... - ચંદ્રસેન મોમાયા

વ્યક્તિના જીવનની જેમ જ સમાજના જીવનમાં પણ અનેક ચઢાવ-ઉતરાવ આવે છે. સહજ માનવ સ્વભાવ પ્રમાણે મન તે ચઢાવો કરતા વધુ સારો ચઢાવ મળે તે માટે તો બીજી તરફ જે ઉતરાવ આવેલા તે તથા તેનાથીય ખરાબ ઉતરાવોને ટાળવા માટે પ્રાર્થના કર્યા કરે છે.

અલબત, સૌથી વધુ ઇચ્છનીય સમયગાળો એ હોય છે જે વખતે બધી વાતો સંતુલિત હોવાથી વ્યક્તિ કે સમાજને પોતાની વિશેષતાઓથી સૌથી વધુ મળતું હોય અને પોતાની નબળાઇઓથી ઓછામાં ઓછું ખોવું પડતું હોય.

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ માટે આવો સૌથી સંતુલિત કે આદર્શ સમયગાળો એટલે ૧૮૯૫થી ૧૯૦૫ સુધીનો કાળ. આ સમયગાળામાં મુંબઈમાં વસતા કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજનોએ પોતાને સંગઠિત કરવા માટે પોતાના સમાજજીવનને સૌને માટે લાભકારી તથા આદર્શ બનાવવા માટે જે કાંઈ કર્યું. તે આ સમુદાયને પારસી અને કપોળ જેવા એકાદ બે સમુદાયોના અપવાદ સિવાય અન્ય સમુદાયોની તુલનામાં મૂઠ ઊંચેરાપણું, બક્ષ્યું એ નોંધપાત્ર છે. ૧૯૮૦ના દાયકાથી લગભગ બધા જ ભારતીય સમુદાયોમાં અમુક વ્યક્તિ પરિવાર વિશેષના વર્ચસ્વને પડકારવામાં આવ્યાં તથા બધા સમુદાયોએ પોતપોતાને ઊંચાઈ પર લઈ જવા માટેની હરિફાઈમાં ઝંપલાવ્યું છે. અલબત તે છતાં કચ્છી દશા ઓસવા જૈન સમાજ અનાયાસે આમાં ઊંચાઈ પરના સમુદાયોમાંથી એક તરીકે ગણાય છે. આ અનાયાસે મળેલ સરસાઈનું શ્રેય જાણ્યે-અજાણ્યે ૧૮૯૫થી ૧૯૦૫ના સમયગાળામાં નવા સામાજિક- ધાર્મિક વ્યવહારોને અપનાવી પરંપરા બનાવી લેવાયા તેને જાય છે.

૧૮૯૫માં એવું તે શું કરવામાં આવ્યું કે આજે ૧૯૧૨માં ૧૧૭ વર્ષ પછી પણ ક.દ.ઓ. જૈને સમુદાયને અનાયાસે મુઠી ઊંચેરાપણું આપે છે? આ સવાલનો જવાબ એ છે કે વર્ષ ૧૮૯૫માં મુંબઈમાં વસતા કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનોએ બંધારણ બનાવી હવેથી જ્ઞાતિનું સમાજજીવન કેટલાક ભાગ્યશાળીઓની મનસ્વી દોરવણી પ્રમાણે નહીં પણ સહિયારા મનોમંથનથી ઘડાયેલા નિયમો પ્રમાણે ચાલશે એવી જાહેરાત કરી. જેને કારણે સાનુકુળતાની સ્થિતિમાં હોય કે પ્રતિકૂળતાની સ્થિતિમાં સૌ જ્ઞાતિજનોને સમુદાયના સમાજજીવનમાં પોતાની મરજી અને શક્તિ પ્રમાણે વત્તે ઓછે અંશે સહભાગી થવાની તક મળી.

આ વખતે કચ્છ-હાલારમાંના જ્ઞાતિ મહાજનો સિવાયના બધા જ્ઞાતિજનો મુંબઈ મહાજનની હકૂમત હેઠળ હતા.

૧૮૯૫માં મુંબઈના જ્ઞાતિ સમાજજીવનમાં જે નવાં તત્વો દાખલ કરવામાં આવ્યાં હતા તે ૧૯૧૧માં કચ્છમાં જ્ઞાતિમેળો ભરીને સમસ્ત જ્ઞાતિ સ્તરે લાગુ કરવામાં આવ્યાં. આ વખતે જ જ્ઞાતિના રીતિ-રિવાજો સરળ અને સામાન્ય સ્થિતિના જ્ઞાતિજનો માટે પણ બોજ ન બને તેવા બનાવવામાં આવ્યા.

આટલી પાર્શ્વભૂમિકા સાથે જોઈએ કે ૧૮૯૫થી ૧૯૦૫ના દશકમાં મુંબઈમાં વસતી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિએ શું મેળવ્યું અને કેવી રીતે મેળવ્યું.

૧) ૧૮૯૫ અગાઉ જ્ઞાતિવહીવટમાં મોટા શેઠિયાઓનું વર્ચસ્વ હતું. પ્રસંગ ધાર્મિક હોય કે સામાજિક તેમના અગાઉથી નક્કી થયેલા ફાળાને આધારે જ પ્રસંગો ઉજવાતા. બાકીના જ્ઞાતિજનો પાસેથી ફાળો તો લેવાતો પણ તેનું વ્યવહારિક મૂલ્ય શૂન્ય હતું તે એટલે સુધી કે નાના શેઠિયા પણ આમાં પોતાની કોઈ ભૂમિકા નથી એમ માની આર્થિક શક્તિ કે ભાવ પ્રમાણે નહીં ઔપચારિકતા પ્રમાણે ફાળો લખાવતા જેને કારણે જ્ઞાતિમાં ઉભી થયેલ નવી આર્થિક સાનુકૂળતા સમાજના ભંડોળમાં આવ્યા વગર જ પડી રહેતી. તે ૧૮૯૫થી જ્ઞાતિના ભંડોળમાં આવતી થઈ.

૨) સમુદાયના સૂત્રો હાથમાં લેનારાઓએ જાહેર કર્યું હતું કે અમે પૂરી પારદર્શકતા જાળવશું અને પૈસા પૈસાનો હિશાબ આપશું. પોતે આપેલા નાના-મોટા ફાળાનો હિસાબ મળવાનો છે એ વાતે નાના-મોટા દાનવીરોને નિશ્ચંત બનાવ્યા કે પોતાનું ધન સાચા હેતુ માટે જ વપરાવવાનું છે આ કારણે પણ જ્ઞાતિભંડોળમાં વધારો થવાની શક્યતા વધારી.

૩) આ જમાનામાં ૧૮૮૫માં સ્થપાયેલી કોંગ્રેસ પણ બધા ભારતીય સમુદાયોમાં જાગૃતિ-જવાબદારી પારદર્શકતા, નાનામાં નાના માણસનો સહભાગ વગેરે આવે તે માટે પ્રયત્નશીલ હતી. ગોપાલકૃષ્ણ ગોખલેના નેતૃત્વમાંની સમિતિ આ બાબતનું ધ્યાન રાખતી હતી.

એક રાષ્ટ્રીય સંસ્થા સમક્ષ પોતાનો સમુદાય સારો અને પ્રગતિશીલ છે એવું પૂરવાર કરવાનું છે એવી સભાનતાથી જ્ઞાતિ સૂત્રધારોએ આ માટે પોતાની પૂરી શક્તિથી કામ કર્યું. જેના શ્રેષ્ઠ પરિણામો આવ્યા.

અગાઉ શેઠિયાઓ તે એમ જ કહીને સૌને ધુત્કારી દેતા કે અમે બધું બરાબર કરીએ છીએ, કોઈને પૂછાણું

લેવાનો હક્ક નથી અને જરૂર પણ નથી. આ કારણસર પણ સમાજજીવન બંધિયાર બનતું તથા તેની ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ થઈ શક્તો નહીં. હવે કોઈ પૂછાણું લેનાર છે અને અન્યોમાં શ્રેષ્ઠ પુરવાર થવાનું છે એવી ભાવનાને કારણે સમુદાયની ક્ષમતાનો શ્રેષ્ઠ ઉપયોગ થવા લાગ્યા.

૪) હવેથી બધું મનસ્વીપણે નહીં પણ નિયમસર ચલાવવાનું છે અને તેને માટે માત્ર ધનની જ નહીં વહીવટી શક્તિ, બુધ્ધિપ્રતિભા અને સૌને સાથે રાખવાની શક્તિની પણ જરૂર છે એવી પ્રતીતિ થવાથી બુધ્ધિજીવી વર્ગને પણ લાગ્યું કે તેણે પણ સમાજજીવનમાં કોઈક ભૂમિકા ભજવવાની છે. આ વાતનો સહર્ષ સ્વીકાર કરતા તેમણે ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું સમાજજીવન શ્રેષ્ઠ બને અને તેમાં સૌ કોઈ સહભાગી થાય તે માટે શ્રેષ્ઠ પ્રયત્ન કરી આ સમુદાયનું સમાજજીવન અન્યોથી અલગ તરી આવે તેવું બનાવ્યું.

એ નોંધપાત્ર છે કે કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિમાં શિક્ષણ લેવાની શરૂઆત ૧૮૬૫ની આસપાસ થઈ અને ૧૮૮૫માં એક આદર્શવાદીએ શાળા પણ શરૂ કરી.. આ ઘટના કચ્છના નાગર અને ગુર્જર સિવાયના અન્ય સમુદાયોમાં આશરે ૩૦ વર્ષ પછી થઈ. આ કારણે પણ કચ્છી દશા ઓસવાલ જૈન સમુદાયના સમાજજીવનને એક નવા અર્થમાં મૂઠી ઉંચેરાપણું પ્રાપ્ત થયું.

આ તો બધી સર્વ સામાન્ય વાતો થઈ નક્કર રીતે ૧૮૯૫-૧૯૦૫ના દસકામાં સમુદાયને શું શું ફાયદા થયા તે જોઈએ.

૧) મોટા શેઠીયાઓ પાસેથી ધાર્મિક-સામાજિક કામોની ઈજારાશાહી લઈ લેવાઈ એટલે સાનુકુળતાવાળા બધા જ્ઞાતિજનો જ્ઞાતિકાર્યમાં સહભાગી થતા ગયા.. એકંદરે દર વર્ષે ધાર્મિક-સામાજિક કામો માટે એકઠી થતી અને વપરાતી રકમ દોઢગણી થઈ.

૨) દરેક જ્ઞાતિજનને એક વખત સમુદાયનું ભંડોળ ગણાઈ ગયા પછી તેના વહીવટ અંગે પારદર્શકતાનો આગ્રહ રાખવા તથા પૂછાણું લેવાનો હક્ક પ્રાપ્ત થયો. તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી બુધ્ધિજીવી વર્ગે જ્ઞાતિ ભંડોળમાં આવેલો પૈસે પૈસો યથાયોગ્ય રીતે વપરાય તેવું વાતાવરણ પેદા કર્યું.

૩) તે વખતે પણ સમુદાયમાં ધાર્મિક કાર્યોને અગ્રતા આપતા અને શિક્ષણ તથા સામાન્ય જ્ઞાતિજનના કલ્યાણને અગ્રતા આપતા લોકો સામસામે હતા.. જોકે આ ગાળામાં બન્નેએ સ્વીકાર્યું કે એકંદર સમુદાયના હિતમાં તેમણે પોતપોતાની અગ્રતાઓ અંગે દુરાગ્રહ સેવવાને બદલે સખાની ભાવના-સામાની અગ્રતાનો પણ આદર કરવો જોઈએ પરિણામે સુધારાવાદીઓના વર્ચસ્વવાળી એ ટીમે એક તરફ દેવદ્રવ્યમાં રત્નમંડિત આંગી લઈ શકાય તેટલો વધારો કર્યો તથા રત્નજડીત આંગીને બિનજરૂરી આડંબર ગણનારાઓ પોતાનું વર્ચસ્વ હતું છતાં ઘણા જ્ઞાતિજનોની ભાવના સમજીને તેમ થવા દીધું.

સામે પક્ષે દેવદ્રવ્યને જ અગ્રતા આપનારાઓએ પણ ફાળો આપીને શિક્ષણ પ્રસાર માટે બોર્ડીંગ અને પાઠશાળા શરૂ થઈ શકે તે માટેની ભૂમિકા રચી.

૪) જ્ઞાતિજનો માટે મેડિકલ સહાય તથા રહેઠાણ યોજના પણ થવી જોઈએ તેના વિચારબીજ આ સમયગાળામાં જ વવાયા.

ટૂંકમાં જ્ઞાતિજન દાન આપવાની સાનુકૂળ સ્થિતિમાં હોય કે દાન લેવાની જરૂરતમંદ સ્થિતિમાં હોય તે બન્ને માટે આ સમયગાળો શ્રેષ્ઠ રહ્યો. વધુમાં પોતાની વહીવટી શક્તિ કે કર્તવ્યભાવનાથી અથવા તો સમાજના ભલા માટે નવું નવું વિચારવાથી યોગદાન આપવા ઇચ્છનારા માટે પણ આ સમયગાળો સંતોષદાયી રહ્યો.

આશા નહીં શ્રધ્ધા રાખીએ કે, માત્ર જ્ઞાતિ આગેવાનો જ નહીં બધા જ્ઞાતિજનો એક આદર્શ દસકો જ્યાં સમાજને પોતાની વિશેષતાઓથી સૌથી વધુ મળ્યું હોય અને પોતાની નબળાઇઓથી ઓછામાં ઓછું ખોવું પડ્યું હતું હોય તેને માટે જે બાબતો કારણભૂત હતી તેનો અભ્યાસ કરી વધુ સંતુલિત રહે એવો સમય લાવવા માટે પ્રયત્ન કરશે.

## અગત્યની સુચના

***પ્રકાશ સમીક્ષા માટે મોકલાતી અને છપાતી દરેક બાબતો, ચર્ચાપત્રો, જાહેરાતો, સમાચારો વગેરેની મૂળનકલ (Original Copy) અમારા કાર્યાલયમાં વધારેમાં વધારે એક મહિના સુધી સાચવાશે/જાળવાશે તે પછી તેનો નિકાલ કરાંતાં તે અમારી પાસે ઉપલબ્ધ નહીં રહે તેની નોંધ લેવી. આ વ્યવસ્થા પ્રકાશ-સમીક્ષાની પરંપરા મુજબ છેલ્લાં પચ્ચીશેક વર્ષથી પ્રચલિત છે.***

***દરેક બાબતમાં લખનારે તેના પુરા નામ-સરનામા, ફોન અને જરૂરી સુચના અચુક જણાવવા તે સિવાયની અધુરાશવાળી અને અનામી ટપાલ પ્રત્યે ધ્યાન અપાશે નહીં.***

***જાહેરાતોમાં કરાયેલ વિધાનો, દાવા, મંતવ્યો તે તે જા.ખ.દાતાના સ્વતંત્ર હોય છે અને તે અંગે તેમની જવાબદારી છે. એ સાથે પ્ર.સ. તંત્રીમંડળ સહમત હોય તે જરૂરી નથી.***

***જ્ઞાતિના જાહેર હિતને બાધક કે વિવાદસ્પદ એવી જા.ખ. ન સ્વીકારવાનો તંત્રીમંડળને અબાધિત હક્ક રહેશે.***



## “અચલગચ્છના શિરતાજ, શતાધિકોને આપ્યા સંયમના સાજ
## યુગયુગ જીવો ગુરુરાજ, સંસાર સમુદ્રમાં સાચા જહાજ”

**જેનું જીવન અન્ય જીવોના કલ્યાણ માટે જીવાય છે તેનું જીવ્યું સાર્થક થાય છે. એવી સાર્થકતાના સ્વામી, તપના તેજથી ચમકતા તેજસ્વી તારલા, અનેકવિધ સંઘોમાં અંજનશલાકા પ્રતિષ્ઠા આદિમાં નિશ્રાદાતા, ઉગ્રવિહારી, જિનશાસનના રાજાસમા, તપસ્વી સમ્રાટ ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આપના ચરણાંર્વિંદમાં Shree K. D. O. G. V. C. Jain સંઘ વંદના કરતા ગર્વ અનુભવે છે. આપને સળગં ૪૩માં વર્ષીતપના પારણાની સુખશાતા પુછાવે છે અને પ્રભુપાસે પ્રાર્થના કરે છે આપ દીર્ઘાયુ બનો... આપની યશોગાથા ગગને ગુંજે... આપના નામના એક એક અક્ષરમાં વિશિષ્ટતા સમાયેલી છે.**

| | | | |
|---|---|---|---|
| ગુ | - | ગુણોના ભંડાર | એવા સૂરીરાજ |
| ણો | - | નોંધારા ના આધારભૂત | એવા સૂરીરાજ |
| દ | - | દશા ઓશવાળની દિશા બદલાવનાર | એવા સૂરીરાજ |
| ય | - | યતન કરે શ્રમણ-શ્રમણીવૃંદનું શુભભાવથી | એવા સૂરીરાજ |
| સા | - | સાગર સમા વિશાળ હૃદયવાળા | એવા સૂરીરાજ |
| ગ | - | ગંભીરતા જેના રગરગમાં | એવા સૂરીરાજ |
| ર | - | રક્ષક શ્રી સંઘના | એવા સૂરીરાજ |
| સૂ | - | સૂરી પદે શોભતા | એવા સૂરીરાજ |
| રી | - | રીખવના તપને અખંડપણે ચલાવનાર | એવા સૂરીરાજ |
| શ્વ | - | શ્વાસોશ્વાસે શાસન સેવાની સુવાસ છે | એવા સૂરીરાજ |
| ર | - | રણઝણતા હૃદયના તાર જેના દર્શનમાત્રથી | એવા સૂરીરાજ |
| જી | - | જીવીસી સંઘના ઉધ્ધારક | એવા સૂરીરાજ |

**વનમાં બપોરે બળતા રવિથી બચવા જેમ છે તરૂ, ભવસાગરને પાર કરવા નૌકા સમાન છે સદ્‌ગુરૂ.**
રાષ્ટ્રસંત, કચ્છકેસરી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની અનેરી છાયા છે જેના ઉપરે તેવા ગુરૂદેવ શા કરીએ આપના ગુણગાન ? પૂજ્ય ગુરૂદેવના જન્મ સુવર્ણ વર્ષે સમસ્ત સંઘોમાં વર્ષીતપ આદરવાની પાવનીય પ્રેરણા કરીને નવી જાગૃતિ લાવ્યા છો.

**હીત આય તપસ્વી જે તપ જો તેડો, હીત મેડે મથે માડું વેં પણ, હેત ત આય માડું મથે મેડો...**
ઓ વાત્સલ્યવારિધિ ગુરૂરાજ, ઓ કૃપાસિંધુ ગુરૂરાજ આપની તો અસીમ કૃપા અમારા સંઘ ઉપર ઊતરી છે એ આપની બારેખાંગે વરસતી કૃપાનો અમે સદાય અહેસાસ કરીએ છીએ.

**સદા તપસ્વી બનો યશસ્વી શિવદાયા, પગલે પગલે આનંદને મંગલ છાયા**
ચંદન જેવા શીતલ, ઈન્દ્રિય વિજેતા, અચલગચ્છાધિપતિ છો સંઘ નેતા,
આપને શ્રી કે. ડી. ઓ. જી. વી. સી. સંઘની **ભાવભરી વંદના...**

**લિ. શ્રી કે. ડી. ઓ. જી. વી. સી. સંઘ**

UPASANA-9820167767




## અનંતછાયાનું રિડેવલપમેન્ટ

હાલમાં આપણી જ્ઞાતિમાં અનંતછાયા બાબતે અંદરોઅંદર ઘણી બધી ચર્ચાઓ ચાલી રહી છે તેમજ છેલ્લા દોઢ મહિના પ્ર.સ.ના તંત્રીલેખો અને અન્ય લેખોમાં તેઓશ્રીએ ભારે જહેમત લઈને દરેક દરેક મુદ્દાઓ છણાવટ તથા ઝીણવટપૂર્વકની માહિતિ જ્ઞાતિજનોને આપેલ છે તે બદલ તેઓશ્રી જ્ઞાતિજનોને માહિતગાર કરવા બદલ ધન્યવાદને પાત્ર છે.

તે ઉપરાંત પ્ર.સ.નાં અંક નં.૧૭માં ભાઈ શ્રી લહેરી લોડાયાનો લેખ પણ ઘણું બધું કહી જાય છે આનાથી ફલિત થાય છે જે હવે દરેક દરેક જ્ઞાતિજને જાગવું જ પડશે.

અનંતનાથજી ટ્રસ્ટીઓએ અનંતછાયાના વેચાણનો પ્રશ્ન હાથમાં લેવા અગાઉ જ્ઞાતિજનોને વિશ્વાસમાં લેવા જરૂરી હતાં, સમગ્ર જ્ઞાતિને લગતો પ્રશ્ન હોવાને લીધે. બીજુ તેઓશ્રીનો ઈરાદો કોર્પસ ફંડ એકઠું કરવા બાબતનો છે તે ખરેખર સરાહનીય છે પણ તે માટે અનંતછાયાની જગ્યા વેચવી પડે તે વ્યાજબી નથી, કોપર્સ ફંડ તથા ડેવલપમેંટ માટે ઉપરોક્ત અંકોમાં સુચવેલા પર્યાય-સુઝાવો બાબત વિચારણાં કરવી. તેમજ જ્ઞાતિના બાહોશ વકિલો, સી.એ. સોલીસીટરો, નિપુણ ફાઇનાંસરોના સુઝાવ, માર્ગદર્શન, સલાહસુચનો મેળવી તે મુજબ આગળ વધવું જરૂરી છે. ટૂંકમાં ટ્રસ્ટીઓએ હાલની તથા ભવિષ્યની દરેક યોજનાઓ સંપૂર્ણ પારદર્શિતાથી કરશે તેવી આશા કરવી અસ્થાને નહિં ગણાય.

*મુલુંડ : ૨-૫-૧૨* — *મધુકાંત અરજણ દંડ*

## સાંયરાવાસીઓ માટે નિશુલ્ક સંગીત કાર્યક્રમ

મુંબઈ મહાજનના ઉપક્રમે શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ યોજીત સંગીત થેરપી દ્વારા મેડીકલ સારવારનો **ઘ સાઉન્ડ ઓફ મ્યુઝીક-ગીત ગાતા ચલ...** રવિ.તા.૨૦-૫-૧૨નાં સાંજે ૫ વાગે ષણમુખાનંદ હોલમાં યોજાયેલ છે. જેમાં વહેલો તે પહેલોના ધોરણે પ્રથમ **૧૦૦ સાંયરાવાસીઓને નિશુલ્ક પ્રવેશપાસ** હોલપરથી જ સાંજે ૫.૩૦ પહેલા મેળવી લેવા વિનંતી. નામ નોંધણી વિજય ધરમશી-9833667366, કીર્તિ ખોના-987059470

**સૌજન્ય : સાંયરા વિકાસ મંડળ માટે**
**રાજુલ પટેલ અને જયેશ મોમાયા**

## "ચર્ચાને ચોતરે" માટે લખો

*જ્ઞાતિજનોને જણાવવામાં આવે છે કે જ્ઞાતિમાં થતી પ્રવૃતિઓ-ઘટનાઓ વિષે આપના સ્વતંત્ર્ય મંતવ્ય-વિચારો-સમીક્ષા નિર્ભયપણે "ચર્ચાને ચોતરે " વિભાગ માટે મોકલો. જ્ઞાતિ સંસ્થાઓ-કાર્યકરોને એમાંથી સુચન-ફરીયાદ-સમીક્ષા જાણવા મળશે અને તેના થકી કાર્ય-પ્રવૃતિ વધુ સુંદર, ક્ષતિરહિત અને અસરકારક રીતે શ્રેષ્ઠતમ બનાવી શકાશે. લોકશાહી મુલ્યોમાં સ્વતંત્ર વિચારો-સુચનો-ફરીયાદો રાખવાનો દરેકને હક્ક છે અને દરેકના વિચારોને જાણવાની ખેલદીલી દરેકે દાખવવી જોઈએ. એમાં રાગ-દ્વેષનું કોઈ કારણ નથી. છેવટે જ્ઞાતિહિતાર્થે જ આ પ્રક્રિયા રચનાત્મકપણે ઉપયોગી થઈ શકે છે. "માત્ર આપણાં વખાણ જ થાય, કોઈ ભુલ ન દર્શાવે" તેવો અપેક્ષાભાવ અનિચ્છનીય છે. મહત્વ લેખકનું નહીં લખાણનું છે એ દષ્ટિકોણે જરૂર આપના વિચાર રજુ કરો. ચર્ચાપત્ર મોકલનારે પોતાના નામ-સરનામા ફોન નં. અવશ્ય જણાવવા. જ્ઞાતિ પ્રવૃતિઓની ખુલ્લી ચર્ચા કરવા માટેનો આ નિષ્પક્ષ-નીડર-નિર્વિવાદ મંચ છે.*


।। જય શ્રી ચામુંડા માતાય નમઃ ।।

## આમંત્રણ

કચ્છ **કોઠારા** મધ્યે બીરાજમાન શ્રી ચામુંડામાતાને નમતા **મૈશેરી** નુખના ભાવિકોની ચોથી પહેડી રવિવાર તા.૧૦-૬-૨૦૧૨ના રોજ સવારે ૯ થી ૨ વાગ્યા સુધી યોજેલ છે. સર્વ ભાવિકોને આમંત્રણ.

**-: શુભ સ્થળ :-**
S.M.P.R. હાઈસ્કુલ, વી.પી. રોડ,
મુલુંડ (વે), મુંબઈ - ૪૦૦૦૮૦.

પરિવારની નીયાણી દિકરીઓને જમાઈસહ પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**-: લાભાર્થી અને નિમંત્રક :-**
**માતુશ્રી હીરબાઈ નરશી કાનજી મૈશેરી પરિવાર**
(મોટીસીંધોડી-ડોંબિવલી)
**ભાવેશ ધનપતી મૈશેરી - 92232 18744**
**ધનપતી નરશી મૈશેરી - 98676 03720**

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુરના ઉપક્રમે પ્રતિષ્ઠા મહોત્સવની ઝલક

શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે દેવી-દેવતાઓની ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ તા.૪-૪ થી તા.૬-૪-૧૨ દરમ્યાન ઉજવાયેલ. તા.૪-૪-૧૨ના પુજનાદિ કાર્યક્રમો **યતિશ્રી મોતીસાગરજી મહારાજ** અને ટ્રસ્ટીઓના માર્ગદર્શને ભક્તિભાવપુર્વક, અને વિધિવિધાન સાથે થયેલ.

જેના લાભાર્થીઓ કુંભ સ્થાપના-ટ્રસ્ટી **શ્રી છત્રપતિ નરશી દંડ પરિવાર,** માણેક સ્તંભરોપણ-ભુવા **શ્રી દિનેશ વિશનજી દંડ પરિવાર,** દિપક સ્થાપના તથા જવારારોપણ-**શ્રીમતી ચેતના ક્રિર્તી હરીયા પરિવાર,** શ્રી નવગ્રહ પાટલા પુજન-**શ્રી ચીમનલાલ શામજી મોમાયા પરિવાર,** શ્રી દશદિકપાલ પુજન-**શ્રી ગુલાબ ખીમજી પોલડીયા પરિવાર-** તથા શ્રી પુજન-**શ્રી કુંવરજી આણંદજી મોમાયા પરિવાર,** શ્રી ભગવતી મહાપૂજન-**શ્રી દિપક ગંગાજર ડાઘા પરિવાર.**

દ્વિતિય દિવસે સવારે ભવ્યાતિભવ્ય રથયાત્રામાં શણગારેલ ચાર ટ્રેક્ટર, પાંચ ગાડીઓ તથા ઢોલ શરણાઈ વાજીંત્રો સાથે બધીજ પ્રતિમાજી સાથે મંદિરથી લાલપૂર ગામમાં વાજતે ગાજતે પાંચસોથી વધુ ભાવિકો સાથે નીકળેલ. ગામમાં ફરી મંદિરનાં પ્રવેશદ્વારમાં પ્રતિમાઓનાં વિધિસર પોંખણા થયા પછી બધાને સ્થાનગ્રહણ કરાવેલ. બપોરના યતિશ્રીનાં સાંનિધ્યમાં બધીજ પ્રતિમા તથા દાદાના અઢાર અભિષેક, થાળ પ્રસાદ તથા આરતી સાથે સંપૂર્ણ વિધિસર પુરા થયા. ત્યારબાદ વિનોદ મહારાજ (વારાપધર)ની મંડળીનાં માર્ગદર્શને ચંડીપાઠ તથા હવન થયેલ. જેમાં લગભગ બધા જ ભાવિકોએ લાભ લીધેલ. બને દિવસ મહા આરતી થયેલ જેમાં પ્રથમ દિવસે **શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા** તથા દ્વિતિય દિવસે **શ્રી નવિન ધનજી લોડાયા પરિવારે** લાભ લીધેલ.

સાંજે ભક્તિભાવનામાં બન્ને દિવસ ચેતના હરીયા એન્ડ પાર્ટીએ ધુમ મચાવેલ. જેમાં ભાવિકો ભક્તિભાવે ઝુમ્યા.

તૃતિય દિવસે બંને નુતન દેવાલયની ધ્વજાની ઉછામણીઓ થઈ. બને દેવાલયની ધ્વજાની ઉછામણીનો લાભ **શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવાર** લીધેલ. શ્રી મહાસતીજીનાં માંગલિક પછી ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા શરૂ થઈ. પ્રથમ ગણેશજી સ્થાપનાનો લાભ-**શ્રી રાપરગઢ, નાની સિંધોડી જૈન સંઘે** લીધેલ. શ્રી સચ્ચાઈ માતાજીની પ્રતિષ્ઠાનો લાભ **શ્રી ખુશાલ મૈશેરી પરિવારે** લીધેલ. ત્યારબાદ શ્રી વિરેજીદાદાની પ્રતિષ્ઠાનો લાભ **શ્રી જયંત ભવાનજી સોની પરિવારે** લીધેલ. શ્રી પાતોજીદાદાની પ્રતિષ્ટાનો લાભ **શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા પરિવારે** લીધેલ છે. નવગ્રહમાં સૂર્યગ્રહ-**શ્રી લક્ષ્મીચંદ દાવડા પરિવાર,** ચંદ્રગ્રહ શ્રી નવિન ધનજી લોડાયા, મંગળગ્રહ **શ્રી શામજી નરશી દંડ,** બુધગ્રહ - **શ્રી ભલારાદાદા ભાવિક પુનમ મંડળ,** ગુરૂ ગ્રહ **શ્રી જયંત ભવાનજી સોની,** શુક્ર ગ્રહ **માતુશ્રી ઝવેરબાઈ ધનજી ધરમશી,** શનિગ્રહ **શ્રી જયંત ભવાનજી સોની,** રાહુ ગ્રહ **શ્રી જયંત ભવાનજી સોની,** કેતુ ગ્રહ - **હીરાવંતીબેન તિલકચંદ લોડાયાએ** લાભ લીધેલ.

અન્ય ઉછામણીઓ પ્રથમ પક્ષાલ પુજા-**માતુશ્રી આશબાઈ રાઘવજી લોડાયા પરિવાર,** કેસર પુજા-**મા. કસ્તુરીબેન ખીમજી લોડાયા તથા કાંતાબેન ઠાકરશી લોડાયા** હેમનાં દાગીના - **શ્રી શામજી નરશી દંડ પરિવાર,** ફુલમાળા - **શ્રી ચાંપશી દેવજી નાગડા,**

મુખ્ય ધ્વજા - **માતુશ્રી બાંયાબાઈ ભવાનજી ઝવેરી પરિવારે** હસ્તે શામજીભાઈ.

પહેડીપ્રસાદ-ધ્વજા : **મા. હીરાવંતીબેન તિલકચંદ લોડાયા,** જીવુભાદેરી ધ્વજા - **શ્રી હંસરાજ દેવશી દંડ પરિવાર,** ગુપ્ત ભંડારો - **શ્રી લાખબાઈ આણંદજી શીવજી લોડાયા પરિવાર,** યતિશ્રીને કાંબળી વહોરાવાનો લાભ - **શ્રી ઝવેરચંદ હરશી લોડાયા પરિવાર,** મહાઆરતી - **શ્રી વિજયાબેન રતીલાલ લોડાયા પરિવાર-નાસીક,** ભંડારો - **શ્રી વિજયાબેન શામજી ઝવેરી પરિવાર**

પ્રતિષ્ઠાની સર્વે ઉછામણીઓ **શ્રી વિરચંદ લોડાયાએ** સંભાળેલ. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન બધાજ ટ્રસ્ટીઓ તથા ભુવા શ્રી દિનેશભાઈએ કરેલ.

કાર્યક્રમનું સૂત્ર સંચાલન શ્રી મહેશ હંસરાજ દંડ તથા વિરચંદ લોડાયા અને સાથીઓએ સંભાળેલ.

સ્ટોર રૂમ તથા કેશ કાઉન્ટર ફરજ શ્રી પંકજ પદમશી ખોનાએ સંભાળેલ જમવાની સુંદર વ્યવસ્થા વિવિધ વ્યંજનો સહ "તનમન" ટુરના **શ્રી ચિમનભાઈ મોતાએ** જાતે સંભાળેલ.

આ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં શ્રી વિરભદ્રભાઈનો અનુમોદનીય સાથ સહકાર મળેલ.

તા.૭-૪-૨૦૧૨ના ત્રણે મંદિરોનો દ્વાર ઉદ્ઘાટનનો લાભ **શ્રી કાંતિલાલ જીવરાજ લાપસીયા** તથા **શ્રી મહેન્દ્ર મૈશેરી પરિવારે** લીધેલ.

સર્વે ભાવિકો તથા પધારેલ આમંત્રિતોના આભારી છીએ. કોઇને ક્યાં અસુવિધા થઈ હોય તો મિચ્છામિદુક્કડમ્. આવોજ સાથ સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા.

**॥ જય ભલારા દાદા ॥**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO

**સંવત ૨૦૬૮નું ચાતુર્માસ શ્રી અનંતનાથ દાદાના દરબારે મસ્જીદબંદર સંઘમાં**

**પ. પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ પધારશે.**

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા. ની દિવ્યકૃપાથી
શ્રી **ગુણોદયસાગરસૂરિશ્વરજી** મ.સા. ની આજ્ઞા-આશિષે
સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. ના આશિર્વાદે,
સાધ્વીમુખ્યા પ.પૂ. **નિરંજનાશ્રીજી** મ.સા. ના શિષ્યા શાસનપ્રભાવિકા પ.પૂ. **પુણ્યોદયશ્રીજી** મ.સા. ના શિષ્યા
પ.પૂ. **સંયમગુણાશ્રીજી** મ.સા., પ.પૂ. **ક્ષંતિગુણાશ્રીજી** મ.સા., બાલસાધ્વી પ.પૂ. **મલ્લિગુણાશ્રીજી** મ.સા.
આદિ ઠાણા ૩ નું ચાતુર્માસ મળતા જ્ઞાતિજનોના હૈયા આનંદથી ઝુમી રહ્યા છે.

**'ગુરૂવર્યોના માનીએ ઉપકાર, મુંબઈ મહાજનના હૈયે આનંદ અપરંપાર'**

વ્યવહારદક્ષ પ.પૂ. **વિપુલગુણાશ્રીજી** મ.સા.ની નિશ્રામાં

**તા. ૧૮-૫-૧૨, શુક્રવાર ના સવારે ૮ કલાકે ભાંડુપ મધ્યે**
પૂજ્યશ્રીની ચાતુર્માસની જય બોલાવવા - સકળ શ્રી સંઘ સાથે જવાનું નિરધારેલ છે.
'જ્ઞાતિજનો' એ વહેલાસર પધારવા નમ્ર વિનંતી.
**આ પ્રસંગે 'નવકારશી' નો લાભ ક.દ.ઓ. જૈન સંઘ - ભાંડુપે લીધેલ છે.**

લી. શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - મસ્જીદબંદર ● શ્રી અનંતનાથ મહારાજ તથા સાધારણ ફંડનું ટ્રસ્ટ
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

---

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# હાર્દિક આમંત્રણ

માદરે વતન કચ્છની મોટી પંચતીર્થીનું પ્રવેશદ્વાર **સાંઘાણ તીર્થ**ના નવટુંક જિનાલયે **પર્યુષણ** મહાપર્વની આરાધના કરવા સર્વે સાંઘાણવાસીઓ તથા નીયાણી બહેનોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.

પર્યષણ મહા પર્વ શ્રાવણ વદ ૧૩ ને મંગળવાર **તા.૧૪-૮-૨૦૧૨**થી ભાદરવા સુદ ૬ બુધવાર તા.૨૨-૮-૨૦૧૨ દરમ્યાન છે. સ્થાનીકે સર્વે વ્યવસ્થા હંમેશ પ્રમાણે મહાજનશ્રી તરફથી કરવામાં આવશે. આપના આવવા-જવાની વ્યવસ્થા સ્વયં કરવા વિનંતી છે. પર્વ માટે પધારનાર ભાગ્યશાળીઓનાં નામો અગાઉથી જણાવવા વિનંતી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહેશે.

**-: નિમંત્રક :-**

**શ્રી કચ્છ સાંઘાણ દશા ઓશવાળ જૈન મહાજન**

**શ્રી કચ્છ સાંઘાણ શાંતિનાથજી જૈન દેરાસરજી ટ્રસ્ટ**

સંપર્ક : ફોન (022) 2561 6937 / 99679 75778

# આરસ કે વારસ? નાટીકા હવે પુનામાં

શ્રી મોડપર તીર્થ જિર્ણોધ્ધાર નવનિર્માણ વિકાસ યાત્રા કાર્યક્રમ પ્રસંગે રવિવાર **તા.૮-૪-૧૨**ના શ્રી કાલીદાસ સભાગૃહ-મુલુંડમાં શ્રી નરેન્દ્રભાઈ નંદુ નિર્મિત-દિગ્દર્શિત લઘુ નાટીકા **"આરસ કે વારસ?"** ખુબજ સુંદર રીતે ભજવાયું.

સભાગૃહમાં ૧૨૦૦થી વધારે શ્રાવક-શ્રાવિકાઓએ આ નાટક મનપુર્વક માણ્યું અને વખાણ્યું શ્રી નરેન્દ્રભાઈ નંદુએ આગવી શૈલીથી સૌના હૈયા ભીંજવ્યા અને મોડપર વિકાસયાત્રા સમારોહમાં પધારેલ દાનવીર દાતાઓએ દાનની ગંગા વહાવી.

આ નાટકના કલાકારો હતા **શ્રી હીરેન અશોક સાવલા** (વિમલ મંત્રી) **સૌ. ફોરમ સાકેત છેડા** (મંત્રીશ્રી) **કુ. બીના અશોક સાવલા** (અંબામાતા), **શ્રી ચંદ્રેશ મણીલાલ લોડાયા** (મનમોજ યુવાન) અને **સૌ. નીતા ચંદ્રેશ શિયાલ** (દાસી) સર્વે કલાકારોએ ખુબજ જહેમત લઈ નાટકની તૈયારી કરેલ. ખૂબજ અદ્‌ભુત અભિનયના ઓજસ પાથર્યા. વિશેષમાં સૌ. ફોરમ સાકેત છેડા જેઓ સૌ. પ્રિતી નરેન્દ્ર માણેકજી નાગડા (રંગપુર) ના દીકરી છે તેમણે ખૂબજ સુંદર અભિનય આપ્યો. અને નાટકની રજુઆતમાં મુખ્ય પાત્ર ભજવ્યો. શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને તેમની મંડળી પણ ખરેખર અભિનંદનને પાત્ર છે. તેમણે નાટકમાં પ્રાણ પુર્યા.

લોક લાગણી અને માગણી અનુસાર હવે **પુનામાં "આરસ કે વારસ?** નાટીકા ભજવાશે.

સવિનય સહર્ષ જણાવવાનું કે આ નાટીકનો બીજો પ્રયોગ પુનામાં સોમવાર તા.૨૧-૫-૨૦૧૨ના શ્રી બાલગંધર્વ રંગમંદિર, ડેક્કન જીમખાના, ખાતે યોજવામાં આવનાર છે અને ત્યાં મોડપર તીર્થ વિકાસ સમારોહ પણ યોજાશે.

પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા, માર્ગદર્શન અને આશીર્વાદથી આ યાત્રા આગળ વધી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ નંદુ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે. આ કાર્યક્રમનું આયોજન શ્રી સમસ્ત જૈન સમાજ પુના, શ્રીઅચલગચ્છ જૈન સંઘ, પુના અને શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ પુનાના સંયુક્ત ઉપક્રમે યોજાયું છે. આ સમારોહમાં પુનાના અગ્રણીઓ અતિથીવિશેષ પધારશે. સૌને લાભ લેવા આમંત્રણ છે.

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ વતી ટ્રસ્ટીગણ**

॥ શ્રી સંભવનાથાય નમઃ ॥

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

સંઘના સર્વે સભ્યોને જણાવવાનું કે, ટ્રસ્ટ મંડળની વર્ષ ૨૦૧૨-૧૩થી વર્ષ ૨૦૧૪-૧૫ સુધીની મુદત માટે ટ્રસ્ટીઓની ચુંટણી માટે નીચે મુજબ કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ છે.

બંધારણ મુજબ **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ (વિભાગ) માંથી ૨ ટ્રસ્ટી અને શ્રી ક.વિ.ઓ. જૈન જ્ઞાતિ (વિભાગ) માંથી ૨ ટ્રસ્ટી ચુંટવાણા છે.**

**-: ચુંટણી કાર્યક્રમ :-**

**ઉમેદવારીપત્રક તા.૨૦-૫-૧૨ થી ૨૭-૫-૧૨ સુધી કાર્યાલયમાંથી મળશે.**

**ઉમેદવારીપત્રક ભરવાની છેલ્લી તા.૩૧-૫-૧૨**

**ઉમેદવારીપત્રક પાછા ખેંચવાની છેલ્લી તા.૩-૬-૧૨**

રવિવાર **તા.૧૦-૬-૧૨**નાં બન્ને વિભાગમાં તે તે બેઠકોથી વધારે ઉમેદવારો હશે તો ચૂંટણી (મતદાન) કરવામાં આવશે.

ફોર્મ મેળવવા, ભરવા અને ચૂંટણી વિષયક કાર્ય માટે કાર્યાલય સમય સવારનાં ૧૦.૩૦ થી ૧.૦૦ નો રહેશે.

**-: ચૂંટણી અધિકારીઓ :-**

**શ્રી મહેન્દ્ર માવજી સાવલા (મોંથાળા)**

**શ્રી નરેન્દ્ર કાંતિલાલ ગાલા (દેવપુર)**

**નોંધ :** ચૂંટણી કાર્યક્રમ બાબત પરિપત્ર કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.

## માઈકનો ઉપયોગ કેમ ન કરાય?

– પ્રવીણ દેવજી ખોના

પ્રથમ તો વિજળીથી ચાલતા ઉપકરણોના વપરાશમાં શો દોષ સમાયેલો છે એની વિચારણા જરૂરી છે. જૈન સાધુઓ કુદરતી સૂર્યપ્રકાશ સિવાયના અન્ય રીતે ઉત્પન્ન થતા પ્રકાશ જેમાં જીવહિંસા સમાયેલ હોય તેના વપરાશમાં દોષ માને છે. ઘી, તેલ, ઘાસલેટ વિગેરેથી થતી દિવાબત્તીઓના પ્રકાશથી આકર્ષાઈને આવતા કેટલાય જીવજંતુઓની તેમાં બળીને હાણ થાય છે. તેવી જ રીતે વિજળીથી થતી લાઈટોથી પણ જીવજંતુઓ આકર્ષાય છે. અને તેમનો નાશ થાય છે.

“જૈન દર્શન” પ્રમાણે જીવહિંસા એ પ્રથમ દોષ છે. “અઢાર પાપસ્થાનક”માં “પ્રાણાતીપાત” પ્રથમ સ્થાને છે. આપણા મહાન “આચારાંગ સૂત્ર”માં પણ “જીવહિંસા”ના નિવારણ પર ખૂબ જ ભાર મૂકવામાં આવેલ છે.

૧૩-૧૪ વર્ષની ઉંમરે મને પ્રશ્ન સતાવતો, સાધુઓએ ઈલેકટ્રિકથી ચાલતા લાઈટ, પંખા, માઈક અને “અન્ય સાધનોના વપરાશથી શા માટે વંચિત રહેવું જોઈએ? મારો પ્રશ્ન મેં મારા પિતાશ્રી સમક્ષ મૂક્યો.. એમણે મને સામો પ્રશ્ન પૂછ્યો, “વિજળી કેમ ઉત્પન્ન થાય છે?” મારો જવાબ “પાણીનો ધોધ પડવાથી ટર્બાઈન ચાલે છે, જેનાથી વિજળી ઉત્પન્ન થાય છે.” પૂ. પિતાશ્રીએ સમજાવેલ પાણી પોતે તો જીવ છે, પરંતુ એમાં પણ કેટલાય નાનામોટા જીવ હોય છે. પાણીનો ધોધ પડવાથી અને ટર્બાઈન ચાલવાથી એમનો નાશ થાય છે. અને ખૂબ જ મોટા પ્રમાણમાં જીવ હિંસા થાય છે.

સૂક્ષ્મ રીતે વિચારતાં, વિજળીથી ચાલતા ઉપકરણો દા.ત. લાઈટ, વિગેરેના વપરાશમાં જીવહિંસા સમાયેલા છે, જે કારણે જૈન સાધુઓ એ ઉપકરણોનો ઉપયોગ કરતા નથી. થર્મલ પાવર અને અણુશક્તિ તથા બેટરીથી ઉત્પન્ન થતી વિજળી અને તેનાથી ચાલતા ઉપકરણોના વપરાશમાં કેટલી જીવહિંસા સમાયેલી છે તે અભ્યાસનો વિષય છે.

જીવન જીવવામાં હર પલે અને હર ક્ષણે હિંસા થતી હોય છે. પરંતુ અનિવાર્ય હોય તેવી અને હિંસા કરવાનો આશય ન હોય તેવી કાળજીપૂર્વક થતી ક્રિયામાં મામુલી દોષ સમાયેલો હોય છે.

પૂ.આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીની તેમની ૯૦ વર્ષની ઉંમરે તેમના હાર્ટમાં “પેસમેકર” બેસાડવાની સલાહ ડોક્ટરોએ આપેલ.. ડોક્ટરો અને આગેવાનોના આગ્રહ છતાંય તેમણે એ માટે સંમતિ નહોતી આપી.. કારણ, “પેસમેકર” બેટરી સેલથી ચાલે છે. જીવહિંસા નિવારણની કેટલી સૂક્ષ્મ વિચારણા!

વર્તમાન સમયમાં મોટા ભાગના સાધુઓ આટલી હદ સુધી જીવહિંસા નિવારણ માટે તૈયારી ન પણ બતાવે. જીવ હિંસાનો દોષ ટાળવા કોઈ સાધુ-શ્રાવક કેટલી હદ સુધી તૈયાર થાય એ એનો અંગત પ્રશ્ન બની જાય છે.

આજે એક બાજુ સમય પરિવર્તન સાથે કેટલાક આચાર્યો અને સાધુઓ મોટર-વિમાનમાં પ્રવાસ કરતા થઈ ગયા છે. જ્યારે બીજી બાજુ કેટલાક સાધુઓ માઈકનો વપરાશ કરવા પણ તૈયાર થતા નથી.. જીવહિંસાનો દોષ નિવારણ માટે સાધુઓ કેટલી હદ સુધી જવું એ અંગત વિચારસરણીનો પ્રશ્ન બની જાય છે.

વિશાળ જનસમુદાયને વ્યાખ્યાન વાણીના લાભ મળી રહે તે માટે અંગત દોષ વહોરીને પણ માઈકનો ઉપયોગ કરવો કે નહીં એ દરેક સાધુઓ અંગત પ્રશ્ન બની જાય છે. વિજળી વગર પણ ચાલતા માઈકના વપરાશમાં કેટલી જીવહિંસા સમાયેલી છે તેનો અભ્યાસ જરૂરી છે.

૪૦-૫૦ વર્ષો પહેલાં અમારા સ્થાનિક ઉપાશ્રય (ખારેક બજાર, મુંબઈ)માં પધારતા પૂ. સાહેબો વ્યાખ્યાન, વિગેરે માટે માઈકના વપરાશ માટે ના પાડતા.. અમારા પૂ. પિતાજી એમને સૂચવતા, કે તમે માઈકમાં ના બોલતા, પરંતુ તમારાથી ચાર-પાંચ ફૂટ દૂર માઈક રાખીને અમે તમારી વાણી માઈકમાં ઝીલીને હાજર વિશાળ સમુદાયને તમારી વાણીનો લાભ આપીશું. દોષ અમને લાગશે, તમને નહીં.. જો એમ નહીં કરીશું તો વ્યાખ્યાન ન સંભળાતાં કેટલાક લોકો ચાલ્યા જશે, કેટલાક લોકો વાતોએ ચડશે. કેટલાક લોકો ઊંઘવા લાગશે.. એ સાહેબો સૂચન માની જઈ આવી રીતે વપરાશ કરતા.

***(“પ્રબુધ્ધ જીવન”ના સૌજન્યથી)***

### પાસ થયા – હાર્દિક અભિનંદન !



દિપ કિરીટ દંડ
ડોંબિવલી
T E Comp.(Sem V) 93.88%



શુભમ મહેન્દ્ર લાપસીયા
ડોંબિવલી
F.Y.J.C. 65%



ઋષભ લલીતકુમાર છેડા
અમદાવાદ
S.Y.M.C.A.

### ભુલસુધાર

**કુ. કીર્તિ સુરેશ સોની (સુથરી-અમદાવાદ)** એ સોલીસીટર પદવી મેળવી છે. ગતાંકમાં સમાચારોમાં તેમનું નામ શરતચુકથી ખોટું છપાયું છે જે સુધારીને વાંચવુ. ક્ષમાયાચના..

## જાગૃતિની ક્ષણ–બોલ્યા પછી પણ વિચારો

- પ્રવિણચંદ્ર શામજી ઘરમશી (સુરત)

કોઈએ યોગ્ય કહ્યું છે કે "બોલ્યા પહેલાં વિચારો અને કુદતાં પહેલાં જુઓ." અમલમાં મુકવા માટે આ ખરેખર એક સદ્ગુણ છે પણ બહુજ ઓછી વ્યક્તિઓ આ સદ્ગુણનો અમલ કરી શકે છે અને ખાસ કરીને જ્યારેતે વ્યક્તિ ગુસ્સામાં હોય છે ત્યારે મારું એવું માનવું છે કે બહુજ ઓછી વ્યક્તિઓ રોજીંદી વાતાચીતમાં બોલ્યા પહેલાં વિચારી શક્તી હશે. કેટલાક બોલ્યા પછી કદાચ વિચારતા હશે. એવું કહેવામાં આવેલ છે કે, "મૌન એ સોનું છે જ્યારે વાચા એ ચાંદી છે" કોઈ જ્ઞાનીએ એવું પણ કહ્યું છે કે" જો તમારા શબ્દો મારા વિચારોને વધારે સારી રીતે રજૂ કરી શકતા હોય તો જ બોલો". આપણાં પૂર્વજો, સંતો અને જ્ઞાનીઓએ કહેવતોના રૂપમાં તેમના અનુભવ સિધ્ધ જ્ઞાન અને ડહાપણને સંક્ષિપ્તમાં રજૂ કરેલ છે.

થોડા દિવસ પહેલાં એક નાનો પણ અનિચ્છનીય બનાવ બન્યો જે આ લેખ લખવા પ્રેરિત કર્યો. મારા ત્રીસ વર્ષ ઉપરના લગ્ન જીવનમાં ક્યારેક એવા ક્ષુલ્લક પ્રસંગો બન્યા હશે જેમાં મેં ગુસ્સો કરેલ હશે. હું મોટા ભાગે સાંજના મારા કામ પરથી આવીને ૭.૩૦ વાગ્યાની આજુબાજુ ભોજન લઈને પછી લગભગ ૪૫ મિનિટ ચાલવા માટે નિકળી જઉ. તે દિવસે કોઈ કારણસર મને જે ભોજન આપવામાં આવ્યું તે મારા સ્વાદ અનુરૂપ ન હતું અને મને તે બેસ્વાદ લાગ્યું. એટલે મેં ધર્મપત્નિને આ કારણસર ધમકાવી નાખી. તેમણે એક પણ શબ્દ ન બોલ્યો પણ જ્યારે તે વાસણ ધોઈ રહ્યા હતા ત્યારે તેમના ચહેરા પર મેં થોડા આંસુ સાથે વિષાદની છાયા જોઈ. આ દ્રશ્યે મને સહેજ વિચલિત કરી મુક્યો પણ હું હંમેશા મુજબ ચાલવા નિકળી ગયો. જ્યારે હું ચાલી રહ્યો હતો ત્યારે પણ હું આ બનાવ વિશે જ વિચારી રહ્યો હતો અને ખાસ કરીને શ્રીમતિજીએ મને જે મૌન સંદેશો આપેલ તેના વિશે વિચારતો રહ્યો. કેટલીક વાર મૌન દ્વારા મોકલાયેલા સંદેશ જેમાં આંસુઓની શાહી હોય તે સૌથી વધારે અસરકારક હોય છે પણ તે સમજવા માટે આપણામાં **સંવેદના** હોવી જરૂરી છે. આ જાગૃતિની ક્ષણે મને આ વિષય પર એક તદન જ નવી દિશા મળી.

માત્ર એક વર્ષના ગાળામાં એક ગૃહિણી કે રસોડાની રાણી પોતાના પરિવાર માટે ઓછામાં ઓછી ૭૦૦ વખત ભોજન બનાવે છે. મેં એવું ધારેલ છે કે વર્ષમાં લગભગ ૧૫ દિવસ ક્યાં તો બહાર હોટલ કે અન્ય સામાજીક પ્રસંગે સપરિવાર બહાર જમવાનું હોઈ શકે છે. આમાં મેં એમના દ્વારા બનાવવામાં આવતા નાસ્તા વગેરે નહીં. માત્ર મુખ્ય ભોજન જ સામેલ કરેલ છે. મોટા ભાગે કોઈ પણ ભોજનમાં ઓછામાં ઓછી ચાર અલગ અલગ વાનગીઓ હોય છે તેથી સરેરાશ એક જ વર્ષમાં એક ગૃહિણી લગભગ ૩૦૦૦ જેટલી અલગ અલગ વાનગીઓ બનાવે છે. આટલી વિશાળ સંખ્યામાં જ્યારે ભોજનની વાનગીઓ બનાવવાની હોય ત્યારે કદાચ ક્યારે ક કોઈ વાનગી આપણી રૂચિ કે સ્વાદ પ્રમાણે ન હોય તો આપણે સંયમ ગુમાવીને રસોડાની રાણીને ધમકાવી નાખીએ છીએ.

ભારતમાં આપણાં પુરૂષ વર્ગને સ્ત્રીઓને ધમકાવવાનો વણલખ્યો હક્ક છે. પિતા પુત્રીને ધમકાવે છે, સસરાજી પોતાની પૂત્રવધુને ધમકાવે છે, જેમાં કેટલીક વાર સાસુ, દેરાણી, જેઠાણી કે નણંદ પણ સામેલ થઈ જાય છે. પતિ પોતાની પત્નિને ધમકાવે છે. ભાઈ પોતાની બહેનને ધમકાવે છે અને ત્યાં સુધીકે કેટલીકવાર પૂત્ર પણ માતાને ધમકાવે છે. ભોજન બનાવવાનું એ ખરેખર ખુબજ કઠિન કામ છે અને પરિવારના દરેકની પસંદગી પ્રમાણેનું ભોજન બનાવવું તે પહાડ ચડવા કરતાં પણ કઠિન કામ છે. જેમ પરિવારના સભ્યોની સંખ્યા વધારે તેમ આ કામ વધારે વિકટ. ગૃહિણીને સારા ભોજન બનાવવા બદલ ભાગ્યે જ પ્રશંસા સાંભળવા મળે છે પણ મોટા ભાગે ટીકાઓ જ સાંભળવા મળે છે. આ આપણી જીંદગીનો રોજીંદો ભાગ થઈ ગયો છે. અને આનાથી આપણે બધા એટલા ટેવાઈ ગયા છીએ કે આવી ઘટનાની નોંધપણ લેતા નથી.

થોડા દિવસ પહેલાં મારા બેંકના મેનેજરનો મારા પર ફોન આવ્યો કે તમે બેંકમાં આવીને મળી જાવ કારણકે મેં કોઈ અન્ય વ્યક્તિને ચેક આપેલ તે ચેક પર મારી સહી બેંકના રેકોર્ડમાં જે સહી છે તેને મળતી નથી. બેંક મેનેજર મારા વ્યક્તિગત મિત્ર છે. આખા વર્ષમાં હું કદાચ બે ડઝન જેટલા ચેક લખતો હોઈશ, આટલી ઓછી સંખ્યામાં પણ જો હું એક સરખી સહી ન કરી શકતો હોઉં તો મારા ધર્મપત્નિ કે અન્ય કોઈ રસોઈ કરનારની ૩૦૦૦ વાનગીઓ કે ૭૦૦ વાર ભોજન બનાવવામાં કોઈ પણ ભૂલ ન થાય તે કેવી રીતે અપેક્ષા કરી શકું? મને જ્ઞાન અને ભાન થયું કે મારાથી મોટી ભુલ થઈ ગઈ છે. આવી જાગૃતિની ક્ષણે મને મારી ભૂલનું જ્ઞાન થયું.

ત્યાર પછી હું કોઈ પણ વ્યક્તિને ભોજનની બાબતમાં કોઈ પણ ટીકા ન કરવાની કોશીષ કરું છું. તે ઉપરાંત કદાચ ક્યારે પણ મારાથી એવુ બોલાઈ ગયું હોય. જેનાથી અન્ય વ્યક્તિને ખોટું લાગ્યું હોય કે અપ્રિય હોય તો તે બાબત ખાસ ફરીથી વિચારું છું અને મને જો લાગે મારાથી ખરેખર ભૂલ થઈ ગઈ છે તો ક્ષમા માગવાની પણ તૈયારી રાખું છું.

આ લેખ દ્વારા હું આ સંદેશ પહોંચાડવાની કોશિષ કરું છે કે ઓછામાં ઓછી આ ભોજનની બાબતમાં ટીકા કરતાં પહેલાં જરૂર વિચારો અને બની શકે તો ટીકા કરવાનું ટાળો.

|| શ્રી અનંતનાથાય નમઃ ||

સંગીતથી આપણા હૃદયમાં આનંદ પ્રગટે છે એ એટલું જ સાબિત કરી બતાવે છે કે પ્રભુના દરેક સર્જનની પાછળ અદ્‌ભૂત આનંદ ભર્યો છે...

આવા આનંદને ઓળખવાનો અવસર - આવો આપણે આનંદિત થઈએ !

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

KDO
દશાઓની નવી દિશા

સંચાલિત

# શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

HEALTH WEALTH

આયોજીત

**રવિવાર, તા. ૨૦ મે, ૨૦૧૨**
અલ્પાહાર : સાંજે ૫.૦૦ કલાકેથી
કાર્યક્રમ : સાંજે ૬.૦૦ કલાકે
સ્થળ : શ્રી ષણમુખાનંદ ચંદ્રશેકરેન્દ્ર સરસ્વતી ઓડીટોરીયમ
સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨.

*'સંગીતથી સુસ્વાસ્થ્ય' ની સફર કરાવતું*

# THE SOUND OF MUSIC

ગીત ગાતા ચલ

**સંગીત સંચાલન : શ્રી જયંતીભાઈ ગોશર**
(બોલીવુડ ફેમ, દરેક દિગ્ગજ સંગીતકાર જોડે કામ કરી ચૂકેલા અને
તુઝે દેખા તો યે જાના સનમ, કજરા રે...
જેવી અનેક ખ્યાતનામ ધુનો વગાડનાર આપણા પોતાના કેડીઓ)
એંકર : શ્રી વૈભવ મોતા ● મ્યુઝીક થેરેપી : શ્રી મનીષ ડાગા

બોલીવુડ સંગીતકાર
શ્રી જયંતીભાઈ ગોશરનું
સંગીત દિગ્દર્શન

પ્રતિભાશાળી
કેડીઓ સીંગર્સ દ્વારા
સુમધુર ગીતોનું
નજરાણું...

પ્રખ્યાત
મ્યુઝીક થેરપીસ્ટનું
સિતાર વાદન દ્વારા
એક અનોખો પ્રયોગ

ખૂબ જ જાણીતા
અને
માનીતા કલાકારની
હાજરી

ઝી ટીવીના નામાંકિત
સંગીતકાર **શ્રી સંજય વિદ્યાર્થી** અને
એમની ટીમના કર્ણપ્રિય ભાવનાગીતો
(માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર તરફથી
પાલીતાણામાં ઉજવાયેલ અવિસ્મરણીય
શ્રી અજીતશાંતિ સ્તવનાનાના સંગીતકાર)

## ટિકિટ સાથે પૈસા વસુલ ઓફર

- કોમ્પલીમેન્ટરી ફુડ કુપન
- લક્કી ડ્રો દ્વારા ઈનામોની વણઝાર
  શ્રી સમેતશિખરજીની જાત્રા, સોનાના સિક્કા, ઘડિયાલ વગેરે
- કેડીઓ ડોકટર્સની પોકેટ ડિરેકટરી
- ફ્રી મેડીક્લેમ ઈન્સ્યોરન્સ મળવાની તક...

Vallet Parking available

લી. નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી પારસ પદમશી મૈશેરી - પ્રમુખ
કન્વીનર : મનીષ પ્રતાપ ડાગા
ડૉ. રાજેન્દ્ર મણીલાલ કુરવા, ડૉ. કાંતિલાલ નરશી દંડ, રાયચંદ શીવજી લોડાયા,
રાહુલ મેઘજી છુલ્લા, મુલચંદ કેશવજી મોતા, હરીશ લક્ષ્મીચંદ સાવલા,
દીનેશ રામજી લોડાયા, હરીશ ખેતશી શિયાલ, તેજપાલ લખમશી પરમશી

## ટિકિટના દર (વહેલો તે પહેલોના ધોરણે)

| | | | |
|---|---|---|---|
| ગ્રાઉન્ડ ફ્લોર પ્રીમીયમ | : રૂા. ૧૦૦ | બાલ્કની (૧લે માળે) | : રૂા. ૫૦ |
| ગ્રાઉન્ડ ફ્લોર | : રૂા. ૭૫ | બાલ્કની (૨જે માળે) | : રૂા. ૨૫ |

ટિકીટ મેળવવાના સ્થળ તથા સંપર્ક

| | | |
|---|---|---|
| મુલુંડ | : સ્ટીલ સેલ (સંદીપભાઈ) | ૯૮૬૭૧ ૬૧૩૮૭ |
| ભાંડુપ | : શ્રી અનંતસિદ્ધિ કાર્યાલય | ૨૫૯૫ ૧૩૭૨ |
| કાંજુરમાર્ગ | : શ્રી અનંત કોમ્પલેક્ષ (હીતેન લોડાયા) | ૭૩૨૧૧ ૬૭૬૭૬ |
| ઘાટકોપર | : અનંતછાયા (કિરીટ કુરવા) | ૭૩૨૦૮ ૮૮૦૧૯ |
| મસ્જીદ બંદર | : અનંતનાથ દેરાસર મહાજન કાર્યાલય | ૨૩૪૪ ૮૨૭૪ |
| ડોંબીવલી | : ક.દ.ઓ. મંડળ | ૯૮૨૧૦ ૭૩૮૩૦ |
| વાશી | : શ્રીમતી ચાંદની પરેશ લાલકા | ૯૮૩૩૨ ૨૫૦૫૩ |
| અંધેરી | : શ્રી પરેશ મોમાયા | ૯૮૨૦૩ ૨૧૮૭૯ |
| ગોરેગામ | : શ્રી ચેતન ખોના | ૭૩૨૪૪ ૬૧૮૯૪ |

આપના જબરદસ્ત પ્રતિસાદ બદલ ખૂબ ખૂબ આભાર...ટિકિટ ઉપલબ્ધ ન હોય તો ક્ષમાયાચના.

## સંપૂર્ણ કાર્યક્રમના દાતા

BHUMI RAJ

# 'ભૂમિરાજ ગ્રુપ'

શ્રી ભૂપેન્દ્રભાઈ મુરજી દંડ
કચ્છ લાખાણીયા - નવી મુંબઈ

## ઝુકી તો જવાય ને

અનંતછાયાના યુવા જ્ઞાતિજનોના સહયોગથી જ જીરવી શકાયો યુવા મોતનો આઘાત !

અમારા પરિવાર પર તાજેતરમાં કાળે કુઠરાઘાત કર્યો. ચિ. રૂપમ (ઉ.વ.૨૮)ને હૃદયરોગનો એટેક આવ્યો.. તેને રાતના આશિર્વાદ હોસ્પીટલમાં સારવાર માટે લઈ જવો પડયો.. આ અંગે જે દાડાદોડી થઈ તેમાં અનંતછાયાના જ્ઞાતિજનોએ સાથ સહકાર ન આપ્યો હોત તો અમારા કુટુંબની જે વલે થઈ હોત તે દર્શાવવા શબ્દો ઓછા પડે.

પણ કસોટી તો ત્યારે થઈ જ્યારે નિયમ મુજબ પોસ્ટમોર્ટમ કરવાનું આવ્યું.. એક તરફ યુવા કુટુંબીજનનો મોતનો આઘાત ને બીજી તરફ પોસ્ટમોર્ટમની કાર્યવાહી.. કુટુંબીજનોને શું કરવું, શું નહીં એની સમજણ ન પડે. એવામાં કેટલાક વગદાર યુવાકાર્યકર્તાઓએ સઘળી જવાબદારી પોતાના માથે લઈ લીધી અને અમને બેવડા આઘાતમાંથી બચાવી લીધો..

આગળની આખી રાતનો ઉજાગરો છતાં બીજા દિવસે બધા જ ભાઈઓ ખડે પગે ઊભા હતા..

"જે પીડ પરાઈ જાણે રે" એવા સુસંસ્કારવાળા યુવાનોએ પોતાની જવાબદારી નિભાવી.. એમના સત્કાર્યની યાદ આવતાં ઝુકી તો જવાય ને !

***ઘાટકોપર : ૨૭-૪-૧૨ - જયંત વેલજી પટેલ (ઘરમશી)***


# મહેંદી ક્લાસીસ

**ડોંબિવલી - મુલુંડ - ભાંડુપ**

- **ટ્રેડીશનલ, અરેબીક અખાતી, રેઝ, બ્લેક, જરદોશી**
- **તેમજ એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ**
- **એડવાન્સ બ્રાઈડલ મહેંદી કોર્સ**
- **ફુલ પ્રેક્ટીસ અને સર્ટીફીકેટ કોર્સ**
- **લગ્નની સીઝન માટે એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ**
- **મહેંદી રસમ તેમજ બ્રાઈડલ મહેંદીના ઓર્ડર લેવામાં આવે છે.**
- **મુંબઈ તેમજ બહારગામના ઓર્ડરનું બુકીંગ ચાલુ છે.**

સંપર્ક : **જસ્મીના એલ. ખોના**

(૧૫ વર્ષના અનુભવી)

**(મહેંદી આર્ટીસ્ટ, બ્યુટીશીયન તેમજ ટ્રેઈનર)**

**સંપર્ક : 9833343951 / 9323139732**


### અમારા પરિવારનું ગૌરવ !



**શ્રી ઉત્તમ રાઘવજી નાગડા**

**(કોઠારા-વડોદરા)**

**જૈન સોશ્યલ ગ્રુપ ઈન્ટરનેશનલ ફેડરેશનના**
**ગુજરાત રીજીયનનાં ચેરમેન ઈલેક્ટ-૨ વર્ષ ૨૦૧૨-૨૦૧૩**
**ચેરમેન ઈલેક્ટ-૧ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ અને ચેરમેન વર્ષ ૨૦૧૪-૨૦૧૫**

માટે આપની બીન હરીફ વરણી થયા બદલ ઓ ગૌરવ અનુભવીએ છીએ તેઓ હાલ ૮ સંસ્થાઓમાં ઉંચા પદે કાર્યરત છે અને જીવનમાં હજી સામાજીક ક્ષેત્રે ઉત્તરોતર પ્રગતિ કરતા રહે અને કુટુંબ અને જ્ઞાતિને આવું ગૌરવસ્થાન અપાવતા રહે એવી શુભેચ્છાઓ... શુભેચ્છક આપના પરિવારજનો

**સ્વ. પુનમચંદ રાઘવજી નાગડા ● શ્રી નટવરલાલ રાઘવજી નાગડા**
**શ્રી. હીરાચંદ રાઘવજી નાગડા ● શ્રી તરૂણ રાઘવજી નાગડા**
**શ્રી જયેશ પુનમચંદ નાગડા**
**એવમ સમસ્ત શા. રાઘવજી કેશવજી નાગડા પરિવાર**

## સાભાર-સ્વીકાર : "કાનજીભાઈ... એક દ્રષ્ટા"

**શ્રી કાનજી નરશી શામજી મુનવર (જખૌ)**ની જીવનયાત્રા ઝલકનું પુસ્તક **શ્રી કિરણ સોમચંદ ખોના (વાંકુ-મુંબઈ)**એ લખ્યું છે જેમાં "મુઠ્ઠી ઉંચેરા માનવી" કાનજીભાઈનું જીવનચરિત્ર આલેખાયું છે. મેઘધનુષી વ્યક્તિત્વ પ્રતિભા ધરાવતા કાનજીભાઈએ શૂન્યમાંથી સૃષ્ટિ સર્જી છે તેની પરિકલ્પના દરેકના જીવનમાં પ્રેરક બની રહે એવી છે. જીવનમાં શિક્ષણ, વ્યવસાય, કારકિર્દી, પરિશ્રમ, સાધના સાંસારિક વ્યવહાર, પરિવાર માટેની ફરજ, નવું શીખવાની તમન્ના, નવા વિચારોની સ્ફૂરણા, સમાજને કંઈક ઉપયોગી થવાની ભાવના કલાવિદ્યાને આત્મસાત કરી સમાજને આપવાની ઉદાર ભાવના કોઈ અગમ-નિગમની વાત આત્મશક્તિ વડે આગોતરી જાણી લેવાની દિવ્ય કલા અને એ સાથે સાથે જીવન સફળતાના ધ્યેયને અધ્યાત્મ વડે આત્મસાત કરી લેવાના મંત્રની માળા તેમણે જીવનમાં સતત ગુંથતા રહ્યા અને ગુંજતા રહ્યા. તેઓ જિંદગીને પામી ગયા હતા.

એક યોગપુરૂષ શ્રેષ્ટ શ્રાવકધર્મ પાળી કચ્છથી મુંબઈ પધારી પોતાને સર્વ ભૌતિકતાથી અલિપ્ત કરી, જીવનનો મર્મ સમજી શુધ્ધ સાત્વિક પ્રજ્ઞા કેળવી અર્હત-કેવલી અને સાક્ષીભાવનો માર્ગ પામવા જે પરિશ્રમ અને પુરૂષાર્થ કર્યો છે તે એક પ્રેરક કથાનક બની ગયેલું અનુભુત થાય છે. સમ્યક સાધના વળે માનવી જીવનની ફિલોસોફી ચરિતાર્થ કરવાનું તેમનું જીવન સૌ કોઈ માટે ઉજળું દૃષ્ટાંત પુરૂં પાડે છે.

આ પુસ્તકના લેખક શ્રી કિરણભાઈ ખોનાએ વર્ણવેલી તેમની જીવનશૈલી મનની પ્રસ્સનતા, પવિત્રતા અને પ્રભાવી પોત પ્રકાશે છે. એમના જીવનના અુભવોનો નિચોડ, સખત મહેનત, સાહસ, ઉચ્ચ સમતા અને અધ્યાત્મતાનું જ્ઞાન પ્રગટાવે છે. હારેલાને ઉત્સાહપ્રેરક નવું આત્મબળ આપી ઉભા કરે તેવી અસરકારકતા નિખારે છે. અનુભવસિધ્ધ આલેખન "કાનજીધારા"ની જીવંત દંતકથા બની છે.

સામાન્ય માણસ જહેમતથી ક્યાં પહોંચી શકે, અને અભ્યાસથી શું પામી શકે, સાધનાથી શ્રેષ્ઠતા તરફ જવા યોગપુરૂષ કેમ થવું. તેની પ્રતિતી કરવી હોય તો ખરેખર આ પુસ્તક એકવાર તો વાંચવું જ અને માણવું રહ્યું. નાની પાલખીવાળાનું એક સત્યવિધાન - **"સમાજમાં વ્યક્તિની મહતા ધન કે સતા નહીં પણ સદ્‌ગુણો અને ચરિત્રથી અંકાવી જોઈએ"** એ સાદી પણ અઘરી વાત આ પુસ્તકમાં પાને પાને પ્રતિત થાય છે. આ પુસ્તક મરણને "સ્મરણ" બનાવી દે છે. કાનજીભાઈનું વિરલ વ્યક્તિત્વ વાંચી-વિચારી ચરિતાર્થ કરવા આ પુસ્તક આમ માણસને ઘણું જ કંઈ આપી જાય છે. લેખકના આ ઉત્તમ પ્રયાસ બાદ એવું અનુભવાય છે કે કાનજીભાઈને જીવતે નહોતા જાણ્યા એટલું તેમની ગેરહાજરીમાં માણવાનું નશીબ-પુણ્ય મળ્યું છે. જીવનનાં અનેક પ્રશ્નોના જવાબ સ્વયં મળી જાય છે. (આ પુસ્તક સાથે તેમના સંસ્મરણોની સીડી.પણ પ્રકટ કરી છે.) આ અણમોલ ગ્રંથની ભેટનો સાભાર સ્વીકાર...

સમતાધારી કાનજીભાઈના જીવનશૈલીની જેમ લેખકની લેખની પણ સાદી સરળ ભાષામાં ઉડા અદયાત્મની ગહન વાતો સહજ અસ્ખલિતપણે વહેતી કરે છે તે સહજ કલા લેખકને અભિનંદનના અધિકારી બનાવે છે.

સમાજ સમક્ષ ઉદાહરણરૂપ વ્યક્તિત્વની ઓળખ "બહુજન હિતાય" રાખવાના આ પ્રયાસને સલામ...

## કાવ્ય-પ્રકાશ : માઁ

કરુણા કી સૂરત હોતી હૈ માઁ,
મમતા કી મૂરત હોતી હૈ માઁ,
માઁ કી ગોદ, માનો ખુશિયાઁ કા ઢેર,
જિસે મિલી વો કરે સ્વર્ગ કી સૈર,
માઁ કી આઁખોં સે બરસતા પ્યાર,
જૈસે બરસતે ઠંડે ઝોકે કી ફુહાર,
માઁ કા ક્રોધ માનો પિગલતા બર્ફ,
પહલે તો સખ્ત પર પાની હૈ સિર્ફ,
માઁ કા સર પર અગર હો હાથ,
સારી દુનિયા હોગી અપને સાથ.

*- માલતી હરીશ ધરમશી (નવી મુંબઈ)*



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


Trust Regn. No. E-2071 - Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

# પ્રથમ પુણ્યતિથીએ સ્મરણાંજલિ

: જન્મ :
૧૨-૩-૧૯૪૩



: અરિહંતશરણ :
૧૧-૫-૨૦૧૧

**સ્વ. વસંત લક્ષ્મીચંદ લાપસીયા**

પરોપકારના પાર્થ બનીને, જીવી ગયા જીવન ભરપૂર
પૂરા કરતાં સૌના કામ, જાળવતાં સૌનુ માન, સેવાના ભેખધારી લાગણી
સભર હૃદય તમારૂં ધબકતું અટકી ગયું
અમને સૌને નોંધારા કરી અરિહંત માર્ગે પ્રસ્થાન તમે કર્યું.
આંખના પલકારામાં વીતી ગયું દુઃખદ વરસ,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પો એ જ પ્રાર્થના...

**✻ પ્રાર્થયિતા ✻**

**માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લધાભાઈ લાપસીયા પરિવાર (રવા)**

**સુશ્રી નિર્મલા વસંત લાપસીયા**

| | |
|---|---|
| **કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા** | **અ.સૌ. મધુરી કિરીટ લાપસીયા** |
| **ડો. કિશોર ચાંપશી લાપસીયા** | **અ.સૌ. નિર્મલા કિશોર લાપસીયા** |
| **ભાસ્કર લક્ષ્મીચંદ લાપસીયા** | **અ.સૌ. ઈન્દિરા ભાસ્કર લાપસીયા** |
| **સ્વ. લલીત લક્ષ્મીચંદ લાપસીયા** | **સુ.શ્રી તરલા લલીત લાપસીયા** |
| **જયંત લક્ષ્મીચંદ લાપસીયા** | **અ.સૌ.સરસ્વતી જયંત લાપસીયા** |
| **કેતન વસંત લાપસીયા** | **અ.સૌ. દક્ષા કેતન લાપસીયા** |
| **ચેતન વસંત લાપસીયા** | **અ.સૌ. ક્રિષ્ના ચેતન લાપસીયા** |
| **ઉદય કિરીટ લાપસીયા** | **અ.સૌ. રિતિકા ઉદય લાપસીયા** |
| **ચિ. ધરમ કેતન લાપસીયા** | **ચિ. પંક્તિ કેતન લાપસીયા** |

**M/s. U.M. Khona and Company**
**M/s. Nityanand Electricals**
**M/s. Sip and Snacks**
**Shree Dombvli Welfare Group**

।। શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ।।

**રાપરગઢ-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**

**હાર્દિક આમંત્રણ**

માદરે વતન કચ્છ રાપરગઢ નગરે પર્યુષણ પર્વની આરાધનાની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પધારવા હાર્દિક નિમંત્રણ.

**પર્યુષણ પ્રારંભ મંગળવાર ૧૪-૮-૧૨**

દરેક ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સપરિવાર પોતાનીરીતે રાપરગઢ પધારવાનું રહેશે. સ્થાનિકે ઉતારા અને ભોજન વ્યવસ્થા સામુહિક રીતે કરવામાં આવેલ છે.



**-: નિમંત્રક :-**



**રાપરગઢ-નાનીસિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**

આપના પરિવારના માહિતીપત્રક તુરત ભરી મોકલશો.



**APPOINTMENT**

EXIM
we help you globalize

## Exim Transtrade (I) Pvt. Ltd.

**A leading, Shipping, Freight Forwarding & Logistics Company based at Mulund is looking to fill following positions.**

**ASST. MGR./SR. EXECUTIVE – ACCOUNTS MALE**

Candidate must Have fair knowledge of day to day accounting such as Bank Book, Cash Book, Ledger, Voucher & Journal entries. Proficient in preparing bank reconciliation statement and in handling day to day Banking activities. Should have the knowledge of Filing of all Statutory returns as PF, PT, TDS, Service Tax, Income Tax etc. Independently correspond with Suppliers/Vendors and external agencies. Candidate must have comprehensive Knowledge of Tally software and Advance MS Excel.

*Interested candidates may appy to*

**Fax:+ 91 22 66800900. Or Email: hr@exim.ws**

**www.exim.ws**



## K. Dixit

**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**

**કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ**

**982045 7676**

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in





**Since 1984...**

## Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જૂના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ



**મુશ્કેલ નથી સાથીની ખોજ**

યુવાન દિલોનું દિલ ધડકે, સાથીની ખોજ એમને સતાવે. તો બનો ચિંતામુક્ત હવે. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવામાં.... જ્યાં મળશે પસંદગીનો ફલક વિસ્તાર. તો આજે જ આપ આપના લાડકવાયા પુત્ર/પુત્રીઓનું નામ રજીસ્ટ્રેશન કરાવો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

Registrar online on : www.asanjokutch.com/matrimonials

સમાચાર સંકલન — પ્રકાશ સમીક્ષા — સંસ્થા સમાચાર — જ્ઞાતિ સમાચાર — વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીજીનું જોગેશ્વરી ચાતુર્માસ

યુવાચાર્ય શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.નું આ ચાતુર્માસ જોગેશ્વરી (ઈ)માં નિર્ધારિત થયું છે. પૂજ્યશ્રી તા.૨૨-૬-૧૨નાં પ્રવેશ કરશે.

પૂજ્યશ્રીના અથાક પરિશ્રમે, સુંદર પ્રેરણા-માર્ગદર્શને વિવિધ સંઘોમાં દાદાગુરૂ પૂ.આર્યરક્ષિતસુરીની નવમ શતાબ્દિ અને પૂ.આ.શ્રી ગુણસાગરસૂરીજીના જન્મ શતાબ્દિવર્ષની અનેક કાર્યક્રમો સહ ઉજવણી કરાવી રહ્યા છે. પૂજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે સકલ સંઘને જાહેર આમંત્રણ છે. પૂ.આ.શ્રી ગુણસાગરસુરીની હીરક દીક્ષાતિથીની ઉજવણીમાં સમુહ દેશાવગાસિક વિરતી સાધનામાં ૨૦૦૦ જેટલા ભાવિકોએ ભાગ લીધેલ. ચતુર્વિધ સંઘની સભામાં હીરકવર્ષે ગુણાનુવાદ, ચારિત્ર ઉપકરણ વંદનાવલી કાર્યક્રમ રહેલ.

પૂજ્યશ્રીનાં ગુરૂપુજનના ચડાવા અનોખી ભક્તિએ લેવાયા જેમાં પ્રથમ ચડાવો જગડુશા મહિલા મંડળ-ઘાટકોપર ૮૫૦૦૦ સામાયિક વ્રત સંકલ્પ સાથે ઉમંગે લીધેલ અને સ્વાધ્યાયનો ચડાવો ગુણ કલા મીરારોડ મહિલામંડળે ૨૭ લાખ સ્વાધ્યાયમાં લીધો.

સર્વોદય હોસ્પીટલના વિશાળ હોલમાં જન્મશતાબ્દિપ્રસંગે વિરાટ ધર્મસભા યોજાઈ.

પૂ. આર્યરક્ષિતસુરીજીની ૯૨૬મી દિક્ષા તીથી ઉજવાઈ. ગચ્છ પ્રર્વતક પૂ. દાદાગુરૂની નવમી શતાબ્દિ એ તા.૨૯-૪-૧૨ના શ્રી આર્યરક્ષિત જૈન ધર્મરક્ષક સંઘ દ્વારા દાદર સંઘના ઉપક્રમે ૧૦૦૦ જણાંએ દેશાવગાસિક સામાયિક કરેલ. પૂ. આર્યરક્ષિત વિદ્યાપીઠ દ્વારા ધાર્મિક પરીક્ષાનું આયોજન થયું. શ્રી આર્ય ગુણ શાઈનીંગ સ્ટાર પાઠશાળાએ LCD સ્કીન પર કાર્યક્રમ પ્રસ્તુત કરેલ.

પૂજ્યશ્રીની નિશ્રામાં થાણામાં તા.૧૩-૫-૧૨નાં શનિગ્રહાધિપતિ મુનિવસુવ્રત સ્વામી જન્મકલ્યાણક વિશેષ કાર્યક્રમ યોજાયેલ છે.

## મેઠ્ઠી રેયાંણ-ડોંબિવલી

“મેઠ્ઠી રેયાંણ” દ્વારા તા.૧૪-૪-૧૨ના બપોરે ૩ થી ૬ માં પ્રીતી સાબુનો ડેમો સાથે કીટી પાર્ટી રાખવામાં આવેલ. જેમાં કલ્પનાબેને સુંદર ડેમો બતાડ્યો સાથે ગેમ પણ રમાડવામાં આવી અને એમના તરફથી જ ગેમના વિજેતાઓને ઇનામ આપવામાં આવેલ. ૫૫થી ૬૦ બહેનોની હાજરી હતી. અલ્પાહાર લઈ સૌ છુટા પડ્યા. સૌને ગોલાના દાતા શ્રી ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા હતા. નવા વર્ષની મેમ્બરશીપ માટે કમીટી બહેનો સંપર્ક : હંસાબેન પટેલ, રેવંતીબેન શિયાડ, મીરાબેન મોતા અને જ્યોતિબેન ડાઘા

## શ્રી હરીશ દામજી ધરમશી (જખૌ-નવી મુંબઈ)

નૈરોબી, કેન્યા ખાતે તા.૧૭ થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૨ દરમિયાન યોજનાર આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક પ્રદર્શન “કેન્યા પ્લાસ્ટ-૨૦૧૨” ના ચેરમેન નિયુક્ત થયા છે. આ પ્રદર્શન ઓલ ઇન્ડિયા પ્લાસ્ટિક મેનુ. અસોસિએશન દ્વારા ભારત અને કેન્યા સરકારના ટેકા અને અન્ય દેશ વિદેશની પ્લાસ્ટિક ઉદ્યોગ સંબધિત સંસ્થાઓના સાથ સહકારથી યોજવામાં આવેલ છે. ભારત, ચીન, તાઇવાન, આખાતી દેશો, સિંગાપુર વગેરે દેશોના ઉદ્યોગો પોતાના ઉત્પાદનો અને મશીનરી સાથે “કેન્યા પ્લાસ્ટ”માં ભાગ લેશે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરીત ટ્રસ્ટ દ્વારા અને પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને દર બુધવારે જરૂરતમંદોને ભોજન કરાવવાનું, શૈક્ષણીક કાર્ય, અનાજ વિતરણ તથા વૈદ્યકીય પ્રવૃતિઓ ચાલે છે. ગરીબોને ભોજન કરાવવાના દૈનિક નકરાના દાતાઓ : લીલાવંતીબેન દિનેશચંદ્ર લોડાયા (યવતમાલ-નલિયા), તારાબાઈ દેવજી મોતા હસ્તે કુશલ (મુલુન્ડ-તેરા), ઉર્મીલા હિરાચંદ ખોના (મુલુન્ડ-વાંકુ), અમીત શાંતિલાલ દંડ (વડાલા), ધનવંતીબેન


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

શાંતિલાલ લોડાયા (અમલનેર-નલીયા), નવલબાઈ શીવજી રતાણી હ. પ્રીતી જીતેન્દ્ર રતાણી (ચાલીસગામ-તેરા), વિજયાબેન ગિરિશ નાગડા હ. યુવરાજભાઈ (શિરપૂર), ભાગ્યવંતીબેન હિરાચંદ મોમાયા (જલગામ), વિજયાબેન ગિરિશ નાગડા હસ્તે યુવરાજ નાગડા (જલગામ), વીર બીરેન નાગડા હ. અરુણા પ્રતાપ નાગડા (જખૌ-હુબલી)

વધુ સંપર્ક સૌ. પુષ્પાબેન ચંદુલાલ ડાઘા (પારોલા) ફોન ૦૨૫૫૭-૨૨૨૪૦૩, ૨૨૩૨૭૫

## શ્રી ઉદય દંડ વેરાવળ નગરપાલિકામાં ચુંટાયા



શ્રી ઉદય નવીન દંડ વેરાવળ નગરપાલીકાની ચૂંટણીમાં જનજાગૃતી મંચની સ્થાપના કરીને ઉમેદવારી નોંધાવી, ચૂંટણીમાં બહુમતીથી ચુંટાઈ આવી કાઉન્સીલર બન્યા છે. "જનજાગૃતિ પક્ષ"ની બહુમતી જોઈ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને ભારતીય જનતા પાર્ટીમાં જોડાવવા માટે આમંત્રણ આપેલ તેથી જનજાગૃતી મંચ ભાજપમાં જોડાયેલ. માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વેરાવળ આવેલ ત્યારે તેમને રૂબરૂ મુલાકાત આપેલ હતી.

## ગોડી પાર્શ્વનાથ જિનાલયની દ્વિશતાબ્દિ ઉજવણી

મુંબઈ-પાયધુની ગોડીજી પાર્શ્વનાથ જિનાલયને ૨૦૦ વર્ષ પુર્ણ થયા એ નિમિતે સમગ્ર મુંબઈ અને થાણા જીલ્લા પરિસરમાં સામુહિક જૈન સંઘ દ્વારા ઉજવણી થઈ.

પૂ.આ.શ્રી પદમસાગરસુરીજીની નિશ્રામાં તા.૨૮-૪ના સાંજે સકલ સંઘ વીસ હજાર દીવડા દ્વારા ભવ્ય મહાઆરતી ઉતારી જેમાં જૈન-જૈનેતરો સહભાગી થયા.

ઘણાંએ પોતાની સજાવેલ આરતીઓ લાવીને પ્રભુજીની આરતી ઉતારી હતી. ૨૨ જેટલા યુવા-મહિલા મંડળો સક્રિય સહભાગી થયા. આ આરતીનું જીવંત પ્રસારણ દર્શાવાયું હતું. શ્રી નિલેશ રાણાવત અને કલાકારોએ સંગીતના સથવારે વિવિધ રાગમાં મહા આરતી ગાઈ હતી.

રવિ. તા.૨૯-૪ના વિરાટ રથયાત્રા દ્વિશતાબ્દિનું અવિસ્મરણીય સંભારણું બની રહ્યું. ૫૦ હજારથી વધુ જનમેદની સામેલ થઈ. વાજતે ગાજતે ભવ્ય પ્રભુ શોભાયાત્રા મુંબઈના રાજમાર્ગોપર ફરી ત્યારે જિનશાસનની અનેરી પ્રભાવના થઈ, બૃહદમુંબઈ અને થાણા જિલ્લાથી ૩૫૦થી વધુ બસોનો કાફલો, ટ્રેન અને અન્ય વાહનદ્વારા આ રથયાત્રા માટે પધારેલ.

રથયાત્રામાં ઈન્દ્ધ્વજાઓ, સાત-સાત બગીઓ, બેન્ડ પાર્ટી, નૃત્ય મંડળીઓ, મહિલા મંડળો, તીર્થ ઝાંખીઓ, ચાંદી રથો સહ ચતુર્વિધ સંઘ શોભી રહ્યો હતો. શાસનના યુનિફોર્મમાં સજજ શ્રમણવૃંદ અનેરા સદ્ભાવ અને પૂજ્યભાવ પ્રગટાવતું હતું. શુક્રવારે પણ વહેલી સવારે ચતુર્વિધ સંઘ દ્વારા પ્રભાતફેરી નીકળી હતી.

નાકોડા દરબાર મંડળ રચિત "ગોડીજી કી ગૌરવ ગાથા"ની ઓડીયો સીડી પ્રકટ કરાઈ હતી જેમાં ગોડીજીનો ઈતિહાસ અને સ્તવન ભક્તિગીતો સંકલિત કરાયા છે. જેની દરેક ભાવિકને પ્રભાવના કરાઈ. આ અવસરે ગોડીજી ઉપાશ્રયે ચોથા માળે રંગોળી પ્રદર્શન રચાયું હતું.

આ દ્વિશતાબ્દિની સ્મૃતિમાં જૈન દેરાસરજી સ્ટેમ્પ બહાર પડાઈ હતી. જેની તમામ ૪૯ લાખ ટિકિટો વેંચાઈ ગઈ હતી.

આ ઐતિહાસિક અવસરને યાદગાર કરવા સર્વે જૈન ફિરકાઓનાં અગ્રણીઓ / ટ્રસ્ટીઓ ૧-૫-૧૨ના દાદર (મુંબઈ) યોગી સભાગૃહમાં મળ્યા હતા. જેમાં અનેક આચાર્યોએ આશિર્વાદ પાઠવ્યા. શ્રી સમસ્ત મુંબઈ શ્વે. મૂર્તિપૂજન જૈન સંઘે સર્વે અગ્રણીઓને આમંત્રણ પાઠવેલ.

આ પ્રસંગે ગોડીજી દ્વિશતાબ્દિ મહોત્સવનાં મુખ્ય લાભાર્થી પરિવારના પુત્રરત્નોનું અને ટ્રસ્ટીઓનું સંઘ વતી અભિવાદન-અનુમોદના કરાયેલ. આ અવસર નિમિત્તે સમસ્ત જૈનોનું એક સંગઠન રચાયું છે. અને ૨૦૦ જિનાલયોનો જિર્ણોધ્ધાર કરવાનું આયોજન થયું છે. છેલ્લા બે વર્ષમાં ૧૬ જિનાલયનાં જિર્ણોધ્ધાર પુરા થયા છે અને બીજા ૨૫ જિનાલયની જવાબદારી લેવાઈ છે.

તા.૧-૫ના બૃહદ મુંબઈ અને થાણા જીલ્લનાં વિવિધ સંઘોમાં આ ઉજવણી નિમિતે સંઘ સ્વામીવાત્સલ્ય, રથયાત્રા,


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

માંગલિક વ્યાખ્યાન આદિ કાર્યક્રમો યોજાયેલ અંદાજે ૧૪૦ જેટલા સંઘોમાં નવેક લાખ ભાવિકો સંઘજમણનો લાભ લીધેલ. જિનશાસનના વર્તમાન ઈતિહાસમાં આ એક ભવ્ય પ્રસંગ નવો ઈતિહાસ રચી ગયો.

## "સંયમીનું સાધના સમર્પણ"

પૂ. મુનિ દેવરત્નસાગરજીએ ગુણ જન્મશતાબ્દિ પર્વોત્સવ પ્રસંગે સંયમી સાધકો માટે સમર્પણભાવનું ઉપયોગી પ્રકાશન કરેલ છે. આ પુસ્તિકામાં પૂજ્યશ્રી પ્રત્યેનો સમર્પણ ભાવ, ઋણસ્વીકાર ભાવના, પૂજ્યશ્રીનું ચારિત્ર્યજીવનની પ્રેરણાઓ સહ દરેક શ્રમણ-શ્રમણીએ શ્રેષ્ઠ સંયમજીવનમાં પાળવા જેવી વાતોને સંકલિત કરી છે.

પંચાચારનું પમરાટ પ્રસરાવે તેવી પુસ્તિકા આરાધકોને દીવાદાંડીરૂપ છે. જયણા-અભિગ્રહો પાળી સંયમ પર્યાય શોભાવવા આ પુસ્તક ખુબ ઉપોયગી બની રહેશે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર આદિ સાધનામાં સુગંધ ગૌરવ ફેલાવે તેવું માર્ગદર્શન-નિયમાવલી અંકિત કરાઈ છે. વિશેષ નિયમો સાધુ જીવનને જાગૃત કરી વિનમ્ર બનાવે છે.

આ પુસ્તકની સમીક્ષા કરી આપણે ક્યાં છીએ તેવી આત્મજાગૃતિ પરીક્ષણ કરાવે છે. એમાં અણમોલ ગુણ પ્રસાદી પીરસાઈ છે. ગુરૂદેવને નિખાલસપણે સ્વાર્પણ કરાયેલ સ્પંદનો ઝંઝોળે છે. આ ગુણ સંવેદના શાસનનું સમર્પણ યાદ કરી તેને દીપાવવા સજાગ રાખે છે. સૂરિગુણનો સાદ નાખતા અંતરનો પ્રતિસાદ જાગતો રાખે છે. મહાવ્રતની વંદના શ્રેષ્ઠ સાધ્વાચારની પ્રતિતિ કરાવે છે.

પૂજ્યશ્રીનો આ પ્રકાશન દરેક સંયમીએ સાથે રાખી અધ્યયન-મનન કરતાં સચેત રાખશે અને શાસન પ્રભાવના વધારશે. આ પ્રયાસ બદલ અભિનંદન અને અનુમોદના.

## દંડ પરિવારની છઠ્ઠી પહેડી

દંડ પરિવારની સચ્ચાઈમાની છઠ્ઠી સમુહ પહેડી તા.૨૯-૪-૧૨ના સવારે ૯ થી ૨ માં ડોંબિવલીમાં માઉલી હોલમાં યોજાઈ. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ભાવિકોએ પહેડી પ્રસાદનો લાભ લીધેલ. આ પ્રસંગે ભક્તિગીત અને રાસગરબામાં શ્રી મનોજ કારાણી અને પાર્ટીએ રમઝટ જમાવેલ. પહેડીનો લાભ મા. ઝવેરીબાઈ ભવાનજી દંડ (છાદુરા-નલીયા) પરિવારે હ. ભદ્રીચંદભાઈએ લીધેલ.

## હુબલીમાં નવકારમંત્ર સામુહિક જાપ

પૂ.આ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નાં જન્મશતાબ્દિ વર્ષ ઉજવણી નિમિત્તે હુબલીમાં સવા કરોડ નવકાર મહામંત્ર સામુહિક જાપ ગણનાનું વિરાટ આયોજન પૂ.આચાર્યશ્રીઓના આશિર્વાદે પ્રવચન પ્રભાવક પૂ. મુનિ દેવરત્નસાગરજી મ.સા.આ.ઠાની નિશ્રામાં ગુણસિંધુ પરિવાર દ્વારા નવકારમંત્ર મહિમા અને જાપ અનુષ્ઠાન સમજ સાથે શાંતિ-સમાધિ સ્વસ્થતા અને મંગળતા માટેના મંત્રોસહ મહામંત્ર વિધિના નવલખા જાપની પોથીનું પ્રકાશન હુબલી મહાજનના ઉપક્રમે પૂ. મુનિશ્રી નંદિવર્ધનસાગરજીની ૧૦૦ની ઓળી અને અન્ય મુનિઓના વરસીતપની અનુમોદનાર્થે થયેલ જેનો લાભ શ્રી વાલજી હીરજી મોમાયા પરિવાર (સાંયરા-હુબલી) એ લીધેલ.

## "ચાલો વરસીતપ કરીએ" પોકેટ બુક

ગુણસિંધુ પરિવારના ઉપક્રમે વરસીતપ ક્રિયા અને દેવવંદન વિધિ માટે પૂ. મુનિદેવરત્નસાગરજી-ધર્મરત્નસાગરજીનાં માર્ગદર્શને "ચાલો વરસીતપ કરીએ..." પોકેટબુક પ્રકાશિત કરાઈ છે.

જેમાં વરસીતપનો ઈતિહાસ મહિમા, વિરલ તપસ્વી અને વરસીતપ સાથે સંકળાયેલ નિમિતોની વાતો તથા વરસીતપ ક્રિયાવિધિ, સાધનાની સમજ, જયણા પાળવાના નિયમ, દેવવંદન વિધિ, સ્તુતિ-સ્તવનો-પચ્ચખાણ આદિ સંકલિત કરાયા છે. આરાધકોને આ બુક હાથવગી ઉપયોગી થશે.

## નાંદેડમાં વરસીતપ પારણાં

શ્રી વિજયકુમાર લીલાધર લાપસીયાના વરસીતપના પારણાં નિમિતે પરિવાર તરફથી ત્રિદિવસીય મહોત્સવ ઉજવાયો.

તા.૨૨-૪ના સવારે આદિનાથ પંચકલ્યાણક પુજા શ્રી ગુણગુલાબ સ્નાત્રમંડળે સારી હાજરીમાં ધામધૂમથી ભણાવેલ. બપોરે શ્રી સંઘ તરફથી શ્રી કેશવજીભાઈ ગડાએ વિધિવિધાને અને મનોજભાઈ કારાણીના સંગીત સાથે અઢાર-અભિષેક હતા. આ પ્રસંગે સંઘસ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. રાત્રે ૯ વાગે પ્રભુ ભક્તિભાવના કરેલ. તા.૨૩-૪ ના સવારે શ્રી ભક્તામર મહાપૂજન અને ત્યારબાદ સ્વામિભક્તિ જમણ હતું. રાત્રે શ્રી અનંતમિત્ર મંડળ-ભાંડુપના સથવારે મહાકાળી મતાજીની ભાવના ભણાવવામાં આવેલ. બહેનોએ રાસ-ગરબા રમી આનંદ માણેલ.

તા.૨૪-૪ અક્ષય તૃતીયાએ દેરાસરજીમાં પ્રભુ પ્રતિમાનો ઈક્ષુરસથી પક્ષાલ થયેલ. સવારે ૯ વાગે શ્રી લીલાધર ગાંગજી લાપસીયા પરિવારના નિવાસસ્થાનેથી તપસ્વીનો વરઘોડો નીકળેલ જેમાં લગભગ ૩૦૦ શ્રાવક-શ્રાવિકા સસહભાગી થયા. શ્રી અનંત મિત્ર મંડળ-ભાંડુપના સભ્યોએ પખાવાજથી અનેરી રંગત જમાવેલ જે વરઘોડાનુ વિશેષ આકર્ષણ રહ્યું.

તપસ્વીયાત્રા મુખ્ય માર્ગોથી શ્રી ચંદ્રપ્રભજિનાલયમાં દર્શન કરી હસ્તીનાપુર નગરી-ગુજરાતી સ્કુલના પ્રાંગણમાં

પધારેલ. રસ્તામાં ઠંડા દુધ, લસ્સી આઈસ્ક્રીમથી સ્વાગત થયું. પારણા સ્થળે આવતાં પોલીસ બેન્ડથી સ્વાગત સલામી અપાઈ.

પૂ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી અને કોટીગુણાશ્રીજીની નિશ્રામાં માંગલિક આશિર્વચન બાદ ઈક્ષુરસથી તપસ્વીના પારણા કરાવવામાં આવ્યા અને સ્વામિવાત્સલ્ય જમણ રાખવામાં આવેલ. શ્રી શ્વેતાંબર મુર્તીપૂજક જૈન સંઘ તરફથી તપસ્વીને ભેટ રૂપે તપની અનુમોદના કરવામાં આવેલ.

શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા, પુજાની જોડ, સાલ-શ્રીફળથી એમના માતુશ્રી લાખબાઈ અને સૌ. હંસાબેનનું શાલ, શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે લાપસીયા પરિવારના લગભગ ૧૫૦ સગા, સ્નેહી, સંબંધીઓ પધારેલ. દલતુંગી દેરાસરના ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લાપસીયા પધારેલ. પરિવાર તરફથી એમનું બહુમાન કરવામાં આવેલ. શ્રી તારાચંદજી (મિલી સ્ટીલ) મુંબઈથી પધારેલ.

## ગોડીજી જિનાલયે દ્વિશતાબ્દિ ધ્વજારોહણ

મુંબઈ પાયધુનીનાં ગોડીજી પાર્શ્વનાથ જિનાલયે તા.૧-૫-૧૨નાં ઐતિહાસિક ૨૦૦મો ધ્વજારોહણ આનંદ-ઉમંગે ચતુર્વિધ સંઘ અને ભાવિકોની જનમેદનીમાં સંપન્ન થયું. આ અવસરે ઐતિહાસિક આયોજનનોની શ્રંખૃલામાં મુંબઈમાં પ્રથમવાર પૂ.આ.શ્રી સિધ્ધસેન દિવાકરસૂરીજી રચિત કલ્યાણમંદિર મહાપૂજન ભણાવાયું. ૧૮ દિવસ વિવિધ સંયોજનો સંકલ્પ થયા. સમગ્ર મુંબઈ અને આપસપાસનાં પરિસરમાં સમસ્ત જૈન સમાજ એકસૂત્રે આરાધનામાં જોડાયો.

તા.૧ મે મહારાષ્ટ્ર-ગુજરાત સ્થાપનાદિને વિશાળ સંઘ સ્વામીવાત્સલ્ય થયા જેનો લાભ મા. ગજરાબેન જી. શાહ (જશાપરા) પરિવારે લીધા.

ઐતિહાસિક ધ્વજારોહણનીપળે સમગ્ર પરિવારમાં અનેરા આનંદ સુખશાતાની લહેર છવાઈ ગઈ. હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટિ થઈ. બપોરે ભાવભક્તિ વિભોર વિશેષ સંધ્યાભક્તિ યોજાઈ. પ્રજ્ઞાચક્ષુ કલાકારોએ ભક્તિસંગીત રજૂ કર્યું. રંગોળી પ્રદર્શનમાટે હજારો ભાવિકોએ મોડીરાત સુધી કલાકો સુધી લાઈનમાં ઉભા રહી લહાવો માણ્યો હતો. પૂજન-વિધિવિધાન સાથે દ્વિશતાબ્દિ ધ્વજારોહણ પ્રસંગે ૧૪૦ થી વધુ સ્થળે એક સરખા મેનુના સંઘજમણ થયા. જેમાં નવેક લાખ જેટલા સાધર્મિકોએ લાભ લીધેલ. આ મહોત્સવનાં સંભારણારૂપે ૨૦૦ જેટલા જિનાલયોના જિર્ણોધ્ધાર કરવાનો સંકલ્પ લેવાયો છે. મુંબઈ પોલીસની કન્યાઓને શિક્ષણ માટે રૂા.પાંચ લાખ અપાયા.

## ડોંબિવલીમાં સમુહ સંઘ સ્વામીવાત્સલ્ય

ડોંબીવલીનગરે વિવિધ ફિરકાનાં ૧૨ જૈન સંઘો એક મંચપર એકત્રિત થઈ તા.૧-૫-૧૨નાં ગોડીજી જિનાલયની દ્વિશતાબ્દિ ધ્વજારોહણે સુવિધિનાથ જિનાલયેથી વિશાળ રથયાત્રા કાઢી ડોંબીવલીના પાદરે આવેલ વિશાળ પાટીદાર વાડીમાં સમસ્ત જૈનોનું સંઘ સ્વામીવાત્સલ્ય ગોઠવ્યું. આ પ્રસંગે પૂ.આ.શ્રી વિજય હરીકાંતસુરીજી અને દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વીજીઓ સહ ચતુર્વિધ સંઘનું સૌભાગ્ય સર્જાયું હતું અને પૂજ્યોની માંગલિક વાણીનો લાભ મળેલ. ગોડીજીનાં પ્રભાવનો મહિમા ગવાયો. આમદાર શ્રી રવિન્દ્ર ચૌહાણ આદી કાર્યકરોની વિશેષ ઉપસ્થિતિ રહી. તેણે સમસ્ત જૈન સંઘનાં કાર્યો માટે સક્રિય સહયોગની તૈયારી દર્શાવી. પૂજ્યોના આશિર્વાદ લીધા હતા. કાર્યક્રમ સૂત્ર સંચાલન અચલગચ્છ સંઘના મહામંત્રી શ્રી પ્રવીણ લોડાયાએ કરેલ. આ પ્રસંગે વિવિધ સંઘોના કાર્યકરો-મહિલા મંડળોએ સ્વામીવાત્સલ્યની વ્યવસ્થા સંભાળી હતી.અંદાજે સાતેક હજાર ભાવિકોએ સંઘજમણનો લાભ લીધેલ.

## નલિનપુર નારી નિગમ

તા.૧૭-૪-૧૨નાં શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દિવપુંજ) માં ફ્રુટ જ્યુસ અને મોકટેલ્સનાં ડેમોન્સ્ટ્રેશનનું આયોજન કરવામાં આવેલ. ભાવના ખોનાએ એ વિષય પર સારી સમજ આપી. "તોલમોલ કે બોલ"ની ગેમ સહુએ આનંદથી માણી અને ઇનામો જીત્યા. મંડળનાં વાર્ષિક કાર્યક્રમમાં પીકનીક રૂપે જૂનનાં પહેલા અઠવાડિયામાં "ચોખી ઢાણી"ની મુલાકાત રહેશે. ઇચ્છુક સભ્યો પોતાના નામ કમીટી સભ્યો પાસે નોંધાવી શકશે.

## વડાલામાં વરસીતપ પારણાં

શ્રી વડાલા સંઘની ચાર શ્રાવિકા બેનો મા. માણીબેન નારાણજી ધરમશી (કોઠારા), શ્રીમતી ભાવના ગીરીશ લાલન, શ્રીમતી નયતા રાજેશ રાંભીયા, શ્રીમતી જસ્મીન મહેન્દ્ર વિસરીયાએ તા.૨૪-૪નાં વરસીતપનાં પારણાં કર્યા. આ વર્ષે ચાર્તુમાસ નિમિત્તે પૂ.સા.ગુણમાલાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા શિષ્યા પૂ.સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. વડાલા સંઘને ચાતુર્માસ મળેલ છે.

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ

મુંબઈ મહાજનના ઉપક્રમે ટ્રસ્ટ દ્વારા વેકેશનમાં વિવિધ કલા તાલીમ વર્ગ તા.૧૮-૫ થી ૨૬-૫-૧૨ દરમ્યાન મુલુન્ડમાં શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલમાં યોજવામાં આવેલ છે. ઇચ્છુકો શીખડાવવા / શીખવા લાભ લઈ શકશે. સંપર્ક: દીપ્તીબેન ધરમશી- 08108032109, કુસુમબેન મેપાણી-09321414748

## શા–ીય ગીત સંગીતના સાધક મહેન્દ્ર વીકમશીનું નિધન

જ્ઞાતિના જાણીતા શાસ્ત્રીય ગીત-સંગીતનાં રસીયા અભ્યાસુ વિશારદ શ્રી મહેન્દ્ર કરમશી વિકમશી (જખૌ-વડોદરા)નું તા.૨૮-૪-૧૨નાં નિધન થયું. શ્રી કરમશી હીરજી વિકમશી પરિવારનાં શાસ્ત્રીય સુર સંગીત અને ગાયકીનો શોખ બાળપણથી તેમને ગળથુથીમાં મળ્યો. તેમણે ગીત સંગીત ક્ષેત્રે વિવિધસ્તરે કાર્યક્રમો-મહેફિલોમાં ભાગ લઈ, શાસ્ત્રોક્તપણે નિષ્ણાતો પાસે કલા શીખીને એ વારસાને દીપાવ્યો. ઓલ ઈન્ડીયા રેડીઓપર પણ કાર્યક્રમો આપ્યા હતા. તેમણે નાનીવયથી જ ખંતપુર્વક ગીત-સંગીતક્ષેત્રે સાધના કરી અણમોલ કલાને પ્રાપ્ત કરી એક વિરલ સિધ્ધિ અને કુદરતી બક્ષિસ મેળવી હતી.

પોતાની આ કલા દ્વારા ગીત-સંગીતની ખ્યાતનામ હસ્તીઓ સાથે મળી પોતાની કારકીર્દીમાં આગવું ગૌરવ સ્થાન મેળવેલ. રાજ્ય અને રાષ્ટ્રીયસ્તરે કલા સંસ્થાઓના ઉપક્રમે વિવિધ શ્રેષ્ઠતાનાં પ્રશસ્તિપત્રો, ગૌરવ અભિવાદન, પ્રતિષ્ઠિત પદક-એવોર્ડ અને સિધ્ધિઓ હાંસિલ કરી હતી.

આવા કલાકારની વિદાયથી જ્ઞાતિએ એક અણમોલ રત્ન ખોયો છે. સદ્ગતના આત્માને ચિરશાંતિની પ્રાર્થના અને ભાવભીની આદરાંજલિ.

## પૂ.મુનિ દેવરત્નસાગરજી આ.ઠા.નું બેંગલોર ચાતુર્માસ

પ્રવચન પ્રભાવક મુનિ દેવરત્નસાગરજી આ.ઠા.૬નું આ ચાતુર્માસ બેંગલોરમાં જયનગર જૈન મંદિરના ઉપાશ્રયે નિર્ધારીત છે. પૂજ્યશ્રીનો પ્રવેશ તા.૨૭-૬-૧૨નાં સવારે છે. સર્વે ભાવિકોને પધારવા આમંત્રણ છે.

પૂજ્યશ્રીએ મહારાષ્ટ્રમાં પ્રભાવી આરાધના કરાવી હવે દક્ષિણમાં ગચ્છનો ડંકો વગાડ્યો છે. તેમની આગવી શૈલીએ સુંદર ધર્મ આરાધના થઈ છે અને જાગૃતિ આવી છે.

## શ્રી મોટીસિંધોડી પ્રગતિ મહિલા મંડળ

મહિલા મંડળ અને શ્રી નેમયુથ ફોરમ દ્વારા તા.૩-૬-૧૨ના ફનલેન્ડ રિસોર્ટની વન-ડે પિકનીક ગોઠવવામાં આવી છે. ઈચ્છુકેએ સવારે ૬.૩૦ વાગે મુલુંડ, વાસુપૂજ્ય દેરાસરે પાસે ભેગા થવાનું છે. સંપર્ક : જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી-9820529555, વિશાલ શાહ-9819373828

**મહિલા મંડળના પદાધિકારીઓ :** પ્રમુખ-સૌ. જ્યોત્સનાબેન લહેરચંદ મૈશેરી, ઉપપ્રમુખ-સૌ. નિરૂપમાબેન નવીનચંદ્ર મોતા, ખજાનચી-સૌ. નીતાબેન મુકેશ લોડાયા, મંત્રી-સૌ. અનીતાબેન ભરત લોડાયા, સહમંત્રી-સૌ. અમીતાબેન તિલક મોમાયા અને કારોબારી સભ્ય-કુ. રેશ્મા લોડાયા નિમાયા છે. હાર્દિક અભિનંદન.

## ગદગમાં આયંબીલ આરાધના

ચૈત્ર માસની આયંબિલની ઓળી તા.૨૯-૩ થી તા.૬-૪-૧૨ સુધી શ્રીમતી મધુકાન્તાબેન લહેરચંદ લોડાયા તથા શ્રીમતી ધનલક્ષ્મીબેન ચીમનલાલ ધરમશી તરફથી કરાવવામાં આવી. આયંબિલની ઓળીવાળા ૭ ભાઈ-બહેન હતા. કુલ ૧૧૯ આયંબિલની તપસ્યા થઈ.

દરરોજ પ્રભાવના થઈ તા.૭-૪-૧૨ના પારણા દિને મહાજન તરફથી શ્રીમતી મધુકાન્તાબેન લોડાયા તથા શ્રીમતી ધનલક્ષ્મીબેન ધરમશી વતી શ્રીમતી અમીષા રવિન્દ્ર મુનવર, વાપીથી પધારેલ શ્રી પ્રદિપ વેરશી સાયલા તથા પારણાનો લાભ લેનાર શ્રીમતી ઉષાબેન હરીશ મુનવરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

આયંબિલની વ્યવસ્થા સંભાળનાર શ્રીમતી વિમલાબેન સંજય મોતા, શ્રીમતી દિપિકા જયેશ શાહ, શ્રીમતી ભાવના ભરત છેડા, શ્રીમતી શિલ્પા ગીરીશ નાગડા, શ્રીમતી નિશા પુનીત મોમાયા તથા શ્રી ભરત ડુંગરશી છેડાનું શ્રીફળ તથા હાર દ્વારા સન્માન કરાયું. પ્રમુખ શ્રી સતીશ પ્રવિણચંદ લુઠીયાએ સૌને આવકારી પ્રાસંગીક પ્રવચન કરેલ. ડૉ. શ્રી. પ્રદીપ સોમચંદ ખોના તથા શ્રી વિપીન રતિલાલ મોતાએ સન્માન વિધિમાં સાથ આપ્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી ભુપેન્દ્ર સોમચંદ ખોનાએ કરેલ.

## વારાપધ્ધર યુવક મંડળ

મુંબઈ મહાજન દ્વારા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે તા.૨૦-૫-૧૨નાં સાંજે શણમુખાનંદ હોલમાં આયોજીત મ્યુઝીકલ કાર્યક્રમનાં પ્રવેશપાસ વહેલો તે પહેલોનાં ધોરણે પ્રથમ ૧૦૦ વારાપધ્ધરવાસીઓને મંડળ દ્વારા નિશુલ્ક અપાશે. સંપર્ક : શ્રી નિતેશ દિનેશ લોડાયા-૦૯૩૨૩૯૯૩૨૮૨

## દાવણગિરીમાં વરસીતપના પારણા

કર્ણાટકમાં ઠેરઠેર જાગૃતિનો શંખનાદ કરી જ્ઞાજિનોની સાથે અન્ય જૈન જનસમૂહને જાગૃત કરનારા ગુણસિન્ધુસૂરિરાજના પ્રવચન પ્રભાવક મુ.શ્રી


ફળાદેશ-પ્રશ્નકુંડલી-જોડામેળ, ગૃહશાંતિ
સચોટ માર્ગદર્શન માટે સંપર્ક સાધો.
જ્યોતિષાચાર્ય-શ્રીમતી કમલ સંપટ
સંપર્ક : મો. 093230 20137

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

દેવરત્નસાગરજી આ.ઠા.૬ હાવેરી, બેડગી-બંકાપુર રાણી બેનુર-હરિહર વગેરેમાં પ્રવચનો કરી દાવણગિરી દાદાવાડીથી સામૈયું થયું. શ્રી સુપાર્શ્વનાથ જૈન દેરાસર ચોકી પેઠમાં અઠવાડીયાની સ્થિરતા કરી. યુવાનો માટે રાત્રિ પ્રવચનો રહ્યા. મુ.શ્રી તીર્થરત્નસાગરજી મ.ના છઠ્ઠા વરસીતપનું પારણું દાવણગિરી સંઘમાં થયું. વાજતે ગાજતે તપસ્વીની શોભાયાત્રા નીકળી, પારણાનો આદેશ શ્રી કીરીટકુમાર કેશવજી લોડાયા પરિવારે લીધો. ૧૦૮ સંતિકરં અભિષેક થયા. ૨૦૦ આરાધકોએ નવ લાખ નવકારની પ્રતિજ્ઞા સ્વીકારી. શંખેશ્વર જિનાલયે મુનિસુવ્રત સ્વામિ ભગવાનનો પ્રવેશ કરાવાયો. વરસીતપ પારણે હુબલી સંઘ ઉપસ્થિત રહેલ. દાવણગિરિના આઠ જિનાલયોની ચૈત્યપરીપાટી થઈ. આ પ્રસંગે સા.શ્રી ઉદયપ્રજ્ઞાશ્રીજી ઠા.૪ અને સા.શ્રી પુણ્યયશાશ્રીજી ઠા.૨ ઉપસ્થિત રહ્યા. "ચાલો વરસીતપ કરીએ" ગુણસાગરસૂરિ જન્મ શતાબ્દિએ સાધુ-સાધ્વીજીઓ દ્વારા અભિગ્રહ અર્પણ બુક વિમોચન થઈ. જ્ઞાતિજનોના ૧૨ ઘરોમાં રત્નસુંદરસૂરિજીના પ્રવચન સેટની લહાણી કરાઈ. મુનિવરો અત્રેથી ચિત્રદુર્ગ તરફ વિહાર કરેલ છે. પૂજ્યશ્રીનું ચાતુર્માસ શ્રી ક.વી.ઓ., શ્રી ક.દ.ઓ. તથા રાજસ્થાન સંઘ સાથે મળીને બેંગ્લોર જયનગર, ૪થો બ્લોક શ્રી ધર્મનાથ જિનપ્રસાદે ચાતુર્માસની જય બોલાઈ છે.

### માનવજ્યોતની ડોંબીવલી શાખા

માનવજ્યોત ટ્રસ્ટ દ્વારા ડોંબીવલી શાખાનું ઉદ્‌ઘાટન તા.૧-૫-૧૨નાં સવારે ૧૧ વાગે પ્રગતિ કોલેજ પાસે ડો. જીતેશ આર. ભદ્રાની ક્લીનીકમાં કરવામાં આવ્યું છે. ડો. ભદ્રા, શ્રી. હરીશ લક્ષ્મીચંદ સાયલા અને શ્રી ચંદ્રેશ મહેતા સેવા આપશે. આ પ્રસંગે જ્ઞાતિના તેમજ સમાજના અગ્રણીઓ-કાર્યકરો પધારેલ. આ પ્રસંગે શ્રી ચંદ્રકાંત નરશી દેઢીયા માનવ સેવાપ્રવૃતી અર્થે રૂપિયા ૧ લાખનું અનુદાન જાહેર કરેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંધાણ

મહાજનશ્રીની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા.૦૩-૦૬-૨૦૧૨ના કાલીદાસ કાફે, કાલીદાસ સંકુલ, પી.કે. રોડ, મુલુન્ડ (પ)માં સવારના ૧૦ વાગે એકત્ર મળશે. સભા દરમ્યાન સાંધાણ યુથ ફ્રન્ટ તરફથી સ્કુલ અને કોલેજમાં પાસ થયેલ સર્વેનું સરસ્વતી સન્માન કરવામાં આવશે. તે ઉપરાંત માતુશ્રી ધનબાઈ જેઠાભાઈ મૈશેરી પરિવાર તરફથી વર્ષ દરમયન વિવિધ તપસ્યા કરનાર તપસ્વીઓનું અનુમોદન તથા રમતગમત, સાંસ્કૃતિક ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરેલ સભ્યોનું સન્માન કરવામાં આવશે. એ માટેના નામો વિગત સાથે કાર્યકરોને મોકલી આપવા જણાવાયું છે.

**અમે ઋણી અને આભારી છીએ**

અમારા **માતુશ્રી ગં.સ્વ. મણીબેન હેમરાજ મહેશ્વરીના** તા.૧૯-૪-૧૨ વાપી મુકામે અરીહંતશરણ પ્રસંગે... સમાચાર સાંભળતાંજ હાજર થઈ, ખડે પગે વ્યવસ્થા સંભાળનાર વાપીવાસી જ્ઞાતિજનો, પડોશીઓ, તથા મિત્રવર્ગના...

**ઋણ સ્વીકાર** : અમારા દુઃખમાં સામેલ થઈ રૂબરૂ, ટેલિફોન, એસ.એમ.એસ. તથા પત્ર દ્વારા સાંત્વના આપનાર સર્વે સગાસંબંધી અને મિત્રવર્ગના...

આપ બધા માટે ઝુકી તો જવાય જ ને!

**રાજેન્દ્ર હેમરાજ મહેશ્વરી (વાપી)**
**સૌ. માલતી હરીશ ધરમશી (નવી મુંબઈ)**

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાપર

મુંબઈ મહાજનશ્રી સંચાલિત શેઠ શ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ઉપક્રમે સાઉન્ડ ઓફ મ્યુઝીક કાર્યક્રમ તા.૨૦-૫-૧૨નાં સાંજે શણમુખાનંદ હોલમાં યોજાયેલ છે. જેના સહયોગી દાતાશ્રી ભુપેન્દ્ર મુરજી દંડ (લાખાણીયા-નવી મુંબઈ) છે. રાપરવાસીઓને આ કાર્યક્રમ માટે પ્રવેશ પાસ માટે સંપર્ક: શ્રી હિતેશ ભોજરાજ નાગડા-9892185205


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**Weight Loss... Weight Loss...**
**V. Care Weight Loss Clinic**

માટુંગામાં અમારા કેન્દ્રમાં હીટીંગ, ઇંચ લોસ, આમ ટક, ટમી ટક, થાઈ ટક, હીપ ટક, બોડી મસાજ, વેકયુમ મસાજ અલ્ટ્રા લીયો લાઈસની ખાસીયત. એક સીટીંગમાં બે ઇંચ ઘટાડો અને ફેસ ટાઈટનીંગ કરી યુવા (Young) બનો. એકવાર પધારી અવશ્ય મુલાકત લો.

**V. CARE SLIM & TRIM CENTRE**

૩૫૧, લીલા નિવાસ, ચંદાવરકર ક્રોસ રોડ, "પ્રમાણિક"ની પાછળ, માટુંગા (સે.રે.) મુંબઈ-૧૯. (સમય : સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી)

**સૌ. વૈશાલી ચેતન દંડ** - 09870353509

શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ - લાલાના (પુત્રવધુ)

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **અશોક પુનશી ધરમશી** | ૧૩/૯૮૫ શાંતિનિવાસ, ત્રિકોવિલ લેન, કોઝીકોડે, ૬૭૩૦૦૧ ફોન ૦૭૭૩૬૨૫૧૫૨૪ |
| **નરેન્દ્ર જ્વેરચંદ દંડ** | ૧૦૨, કુસુમ નિવાસ, સંતનામદેવ પથ-૩, ગોગ્રાસવાડી, ડોંબિવલી (ઈ)-421201. ફોન 2420067/9820326227 |
| **મધુકર એમ. મોતા** | શ્રીરામ રેસીડન્સી, બ્લોક આય/૩૦૮, નૅશનલ હાયવે નં.૮, અસલાલી રોડ, નારોલ, અમદાવાદ 382405 9137924161 |
| **મયુર મહેશ મોમાયા** | ૪૭/૭, પુનાઈ બંગલો, ટાવર કૉલોની, પુના-411 009. M.08888524709 |
| **ઝવેરચંદ કેશવજી લોડાયા** | ૧૦૩ જય ભવાની, રામનગર, આયરે રોડ, ઈશ્વર હોસ્પીટલ પાસે, ડોંબિવલી (ઈ) ૪૨૧ ૨૦૧. |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પધ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૩-૧૨ | ભુજ | SPSH010103 | દક્ષ-ધવલ કિશોર સાંયા | સુજાપુર | પુત્ર |
| ૯-૨-૧૨ | મસ્જીદબંદર | SUDU0902403 | મેહેર-ભાવેશ ચંદ્રકાંત ધરમશી | સુથરી | કન્યા |
| ૭-૪-૧૨ | સાયન | SUDU020301 | પ્રિયાંશ-કૌશલ લક્ષ્મીરાજ ધરમશી | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬-૪-૧૨ | મુલુંડ | JKLO020404 | કેવલ સુરેશ શીવજી લોડાયા | જખૌ | ૨૬ |
| | શાહપુર | SUDH071503 | ખુશ્બુ પ્રદીપ મુલજી ધરમશી | સુથરી | ૨૪ |
| ૨૯-૪-૧૨ | ડોંબિવલી | RAKN060403 | ગૌરવ તેજસ ભવાનજી ખોના | રંગપુર | ૨૬ |
| | ભાંડુપ | NLCD030104 | ખુશ્બુ લહેરચંદ નરશી છેડા | નલીયા | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૪-૧૨ | ડોંબિવલી | DADA040101 | શૈલેષ જયંતિલાલ હંસરાજ ડાઘા | દલતુંગી | ૩૭ |
| | ડોંબિવલી | A | વનિતા કેશવ ભુજબલ | નાસિક | ૨૬ |
| ૯-૪-૧૨ | ડોંબિવલી | BDLO020503 | દીપેશ પારસ લહેરચંદ લોડાયા | બાંઢિયા | ૨૭ |
| | ભાંડુપ | A | સરીતા બલીરામ બાપુ રાણે | કણકવલી | ૨૭ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૪-૧૨ | તીરપુર | VRMO150301 | જવેરબાઈ જેઠુભાઈ ગોવિંદજી મોમાયા | વરાડીયા | ૮૪ |
| ૨૫-૪-૧૨ | બેંગલોર | A | સૌ. મીતા શરદ PS (શ્રી રાયચંદ ગોવિંદજી મોમાયાના દિકરી) | | ૩૪ |
| ૨૩-૪-૧૨ | ઘાટકોપર | VRVK010602 | પ્રભાવતી ચીમનલાલ ધનજી વિકમશી | વરાડીયા | ૭૩ |
| ૨૩-૪-૧૨ | ઘાટકોપર | SILO130901 | લહેરચંદ લક્ષ્મીચંદ માડણ લોડાયા | સાંયરા | ૭૬ |
| ૨૮-૪-૧૨ | વડોદરા | JKVK011601 | મહેન્દ્ર કરમશી હીરજી વિકમશી | જખૌ | ૬૮ |
| ૨૯-૪-૧૨ | કોઈમ્બુતર | JKDH030101 | તિલકચંદ વીરચંદ હીરજી ધરમશી | જખૌ | ૬૬ |

### વાચકોને સુચના

આપને આવતા અંકના છેલ્લા પાને આપનું સરનામું ચેક કરી લો એમાં જો કંઈ સુધારા વધારા હોય તો અમને એ નામ સાથે લખી જણાવો. અંક ન મળવા, મોડા મળવા કે અનિયમિત મળવાની ફરીયાદો ટાળવા આપના તરફથી સહયોગ જરૂરી છે. સરનામું બદલાય કે તુરંત નવું જણાવતાની સાથે જૂનું રદ કરવા પણ જણાવો. સળંગ ૩ અંક પાછા આવે છે તે સરનામા રદ કરીએ છીએ. પીનકોડ ન હોય તો જરૂર લખશો. દર સપ્તાહે સાત હજાર પરિવારોને અંક મોકલાય છે જેમાંથી અઠવાડીયે ૧૦ થી ૧૫ અંક પાછા ફરે છે. જો વચ્ચે કોઈક જ અંક મળતા હોય તો એ અંક સાથે સ્થાનિક પોસ્ટ ઑફિસે લેખિત ફરીયાદ નોંધાવી અમને તેની નકલ મોકલો જેથી ઘટતું કરી શકાશે.

### અગત્યની સુચના

● દરેક જ્ઞાતિ મહાજનોને વિશેષ વિનંતી કરવામાં આવે છે કે આપના વિસ્તારના જ્ઞાતિ પરિવારોના નામ-સરનામાનું એક લીસ્ટ અમને મોકલશોજી જેથી એ લીસ્ટ સાથે સંકલન કરી સુધારા-વધારા કરી શકાય.

● આ ઉપરાંત સમસ્ત મહાજન દ્વારા સર્વે મહાજનોનું લીસ્ટ તૈયાર થઈ રહ્યું છે જે સર્વેને ઉપયોગી રહેશે. તો દરેક મહાજનનાં પત્રવ્યવહાર-સંપર્ક માટે સરનામું-ફોન-ઈ મેઈલ મોકલવા વિનંતી છે.

સંપર્ક : **ચંપક જીવાણી**
શોપ ૩, ફેમીના (સનરાઈઝ) સોસાયટી,
૧લો ગુપ્તે ક્રોસ રોડ, ડોંબિવલી (વે) 421 202.
ફોન:09820808097 Email : champak156@gmail.com



be a
**MAKE-UP ARTIST**

be a
**HAIRDRESSER**

be a
**EARNING WOMEN**

For more information, please contact:

**Sonal Lodaya**
: 099304 02460
@ : sonallodaya@gmail.com
: Mumbai

- We conduct Workshops on Basic & Advanced courses.
- **BRIDAL** Make-up is our speciality as we are famous for our **BRIDAL MAKEOVERS** for weddings.

**FACILITIES:** SERVICE AT UR DOORSTEP

brandseye.in


# હાર્દિક અભિનંદન !



10/5/1962

વાહ... વાહ... પ્રભુજી, જોડી ક્યા બનાઈ
મમ્મી ઔર પાપ્પા કો
બધાઈ હો બધાઈ...
૫૦મી લગ્ન વર્ષગાંઠ નિમિતે...

*Happy
Golden
Jubilee...*



10/5/2012

**સૌ. જયાબેન કસ્તુરચંદ લોડાયા**
(સાંયરા-દેવલાલી)

**શુભેચ્છાઓ**

શ્રીમતી તૃપ્તિ મિલીન મોમાયા (સાંયરા-અમેરીકા)
શ્રીમતી દિપ્તી તરૂણ નાગડા (જખૌ-મુલુન્ડ)
કુ. નિવૃત્તિ કસ્તુરચંદ લોડાયા (સાંયરા-દેવલાલી)
ચિ. યશ, રવિ અને માનસીના જય જિનેન્દ્ર

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# દિલદ્રાવક કરૂણાંજલિ

જન્મ
૨૧-૨-૧૯૮૪



વસમી વિદાય
૫-૩-૨૦૧૨

## સ્વ. રૂપમ જયંત પટેલ (ઘરમશી)

(સુથરી-ઘાટકોપર)

બેટા, તો મથે ત બધ્યોં વોં અનેક આશાએંજા મિનારા
તું વેંત તોડી આવે વે આકાશ જા સિતારા !
પલ પલ મેં તોજ્યું અચેં યાદું, તો વગર કીં કઢબો ડીં?
ઉજજડ વેરાન થ્યો સંસાર અસાંલા જડેં વિનાઇંધે પુતર સિં!
રૂવે તોજી મિઠ્ઠી માવડી **રેખા** ને રૂવે પિતા **જયંત** ચોધાર
રૂવે ભાર્યા **ભક્તિ** ને લાડલી **જીયા** ને સગા-સબંધી રૂવે પારાવાર
ભેંણ **ખુશ્બુ** ને ભેંણીયા **ભાવેશ** પણ રૂવેં અપરંપાર
ભાણેજી **કેયા** જે કીં ભુલી સગધીં મામાજો પ્યાર?
**ઘરમશી** ને **સોલંકી** પરિવાર અંતરથી કરીયેં અરદાસ
તોજે આત્માકે શાશ્વત શાંતિ મલે શ્રી અરિહંત પ્રભુ જે પાસ...

– રેખા જયંત પટેલ

**ૠણ સ્વીકાર :** અમારા કુટુંબ ઉપર ઓંચિતી અણધારી આફત આવી પડી અમારા સુપુત્ર **રૂપમ જયંત વેલજી પટેલ** (ઉ.વ. ૨૮)ના અકાળે અરિહંતશરણ થવાથી અમારો સમગ્ર કુટુંબ જીરવી ન શકાય એવા કારમા આઘાતમાં ડુબી ગયો. એ સમયે અમારી સાથે પ્રત્યક્ષ તથા પરોક્ષ રહી, અમારા દુ:ખમાં સહભાગી થઈ, અમને જે શાંત્વના આપી એ સૌના અમે ૠણી છીએ. પ્રભુ સદ્ગતના આત્માને પરમ શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના...

### ✻ પ્રાર્થયિતા ✻

દાદી-દાદા : માતુશ્રી મીઠીબાઈ વેલજી નાગશી પટેલ પરિવાર
માતા-પિતા : અ.સૌ. રેખા જયંત વેલજી પટેલ
પત્ની : શ્રીમતિ ભક્તિ (સોનુ) રૂપમ પટેલ • દીકરી : ચિ. જીયા રૂપમ પટેલ
બહેન-બનેવી : સૌ. ખુશ્બુ ભાવેશ ભીડિ • ભાણેજી : ચિ. કેયા ભાવેશ ભીડિ
મોટા બા-બાપુજી : સૌ. જ્યોતિ અભય વેલજી પટેલ
ભાભી-ભાઈ : સૌ. અલ્પા નયન પટેલ • ભત્રીજી : ચિ. આરતી નયન પટેલ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**